Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

આત્મ સં. ૮૦ (ચાલુ) વીર સં. ૨૫૦૨
વિક્રમ સં. ૨૦૩૨ જેઠ

વાર્ષિક લવાજમ રૂા. ૭

## વીરવાણી

तुलियाण बालभावं अबालं चेव पडिए ।
चइऊण बालभाव अबाल सेवई मुणी ॥
(ઉ. સૂ. અ. ૭. ૨૮-૩૦)

વિવેકી મનુષ્યે અજ્ઞાનીપણું અને જ્ઞાનીપણું એટલે કે બાલભાવ અને અબાલભાવની તુલના કરી બાલભાવને તજી દઈ અબાલભાવનો સ્વીકાર કરવો જોઇએ.

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

પુસ્તક : ૭૩ ] જુન : ૧૯૭૬ [ અંક : ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# : અનુક્રમણિકા :


| લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| વીર વલ્લભસૂરીજી વંદના | શ્રી જયંતીલાલ ઝવેરી | ૧૨૭ |
| ધર્મલાભ | શ્રી મનસુખલાલ મહેતા | ૧૨૮ |
| પ્રતિષ્ઠા અને અહંકાર | પૂ. કેદારનાથજી | ૧૩૨ |
| પૂ. કસ્તુરસૂરીજીની સ્મૃતિ | શ્રી જયંતીલાલ ઝવેરી | ૧૩૪ |
| નારીગૌરવ | શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી | ૧૩૫ |
| વિચારોની ચોકી કરો | શ્રી કલાવતી વોરા | ૧૩૭ |
| સતી કલાવતી | શ્રી જિનદાસ દોશી | ૧૩૯ |
| અજ્ઞાત શક્તિઓ અને માનવજીવન | શ્રી રજનીકાન્ત મોદી | ૧૪૨ |
| જ્ઞાનાવરણીયાદિ કર્મોને બાંધનારો કોણ ? | પૂ. કુમાર શ્રમણ | ૧૪૮ |
| સમાચાર સંચય | | ૧૫૨ |


વાર્ષિક લવાજમ છ રૂપિયા

**આ સભાના નવા માનવંતા પેટ્રન સાહેબો**

**૧ ભાવનગરનિવાસી શેઠશ્રી કાન્તિલાલ જીવરાજ શાહ (હાલ મુંબઇ)**

**૨ વરલનિવાસી શેઠશ્રી છોટાલાલ જમનાદાસ શાહ (હાલ મુંબઇ)**

**નવા આજીવન સભ્ય**

**૧ શેઠશ્રી અમીચંદ પોપટલાલ શાહ ભાવનગર**

**૨ શ્રી શ્રેયસ જૈન મિત્ર મંડળ ભાવનગર**

## ગ્રંથ સ્વીકાર

'જીવન ઝરણાં' : પ્રવચનકાર પૂ. આચાર્યશ્રી મહિમાપ્રભ સૂરીશ્વરજી મહારાજ, પ્રેરક પૂજ્ય મુનિરાજશ્રી વિવેકવિજયજી મહારાજ, પાન ૨૯૫+૧૪=૩૦૯, પ્રકાશક : જૈન પ્રકાશક મંદિર, ૩૦૯/૪ દોશીવાડાની પોળ, અમદાવાદ, પ્રાપ્તિસ્થાન : શ્રી વિજય મહિમાપ્રભસૂરિ જ્ઞાન મંદિર, નારાયણનગર રોડ, શાંતિવન બસ સ્ટોપ પાસે, પાલડી, અમદાવાદ-૭. મૂલ્ય રૂપિયા પાંચ, પ્રથમ આવૃત્તિ.

'જીવન ઝરણાં' : પૂજ્ય આચાર્ય ભગવંત મહિમાપ્રભસૂરીશ્વરજી મહારાજશ્રીના વ્યાખ્યાનોનો સંગ્રહ ગ્રંથ છે. ગ્રંથમાં બાર વિદ્વત્તાભર્યા વ્યાખ્યાનોનો સુંદર સંગ્રહ કરવામાં આવ્યો છે. આ વ્યાખ્યાનોમાં આચાર્યશ્રીના મનની વિશાળતા અને વિદ્વત્તાના ઠેક-ઠેકાણે દર્શન થાય છે. આખું યે પુસ્તક એટલું સુંદર બન્યું છે કે વાંચતી વખતે વાચકોને ઠેર ઠેર અમી ઝરણાંનો આસ્વાદ આવે છે. જૈન તેમજ જૈનેતર સૌ કોઈ માટે આ અમૂલ્યગ્રંથ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ સભાના નવા માનવંતા પેટ્રન

# શ્રી મનુભાઇ ચીમનલાલ શાહ

### જીવનની ટૂંકી રૂપરેખા



શ્રી મનુભાઇ ચીમનલાલ શાહનું કુટુંબ ભાવનગરમાં શ્રી ફુલચંદ મીઠાભાઈ શાહના નામે સુપ્રસિદ્ધ છે. યોગીઓને પણ અગમ્ય એવો સેવાધર્મ પરમગહન છે અને સેવારંગથી રંગાયેલા એવા કુટુંબમાં જન્મ થવો, એ પણ પૂર્વભવની પુણ્યાઈનું ફળ છે. આ કુટુંબમાં શ્રી ચીમનલાલ ફુલચંદ શાહને ત્યાં શ્રી મનુભાઇનો જન્મ સં. ૧૯૮૧ના ચૈ. સુ. ૧૧ શનિવાર તા. ૪-૪-૧૯૨૫ના દિવસે ભાવનગરમાં થયો.

શ્રી મનુભાઈના માતા અને પિતા બંને તપસ્વી અને ધર્મપરાયણ છે. આપણે ત્યાં તપનું માહાત્મ્ય કલ્પવૃક્ષ કરતાં પણ અધિક ગણાયેલું છે. કલ્પવૃક્ષ તો માત્ર સાંસારિક ભોગવિલાસની પૂર્તિ કરે છે, પણ તપરૂપી અદ્ભુત કલ્પવૃક્ષ તો સંતોષ રૂપી વૃક્ષનું મૂળ છે. શાંતિ-એ વૃક્ષનું થડ છે, પાંચ ઇન્દ્રિયોનો નિરોધ એ વિશાળ શાખા છે, અભયદાન એ વૃક્ષના પાંદડાં છે. શીલ-ચારિત્ર એ પલ્લવો-અંકુરો છે. સ્વર્ગપ્રાપ્તિ એ વૃક્ષના પુષ્પ સમાન છે અને શિવસુખ-મોક્ષ એ વૃક્ષના ફળ સમાન છે. આપણા ધર્મશાસ્ત્રોએ તપનો અચિન્ત્ય પ્રભાવ અને મહિમા ગાયો છે. શ્રી મનુભાઈના માતુશ્રીએ ઉપધાન તપનું મહાન તપ કરેલ છે, તેમજ સિદ્ધગિરિની ૯૯ જાત્રાનો તેમજ આ ક્ષેત્રમાં ચોમાસું કરવાનો પણ લાભ લીધો છે. શ્રી ચીમનલાલભાઈ વર્ધમાન આંબેલ તપની ઓળી કરે છે અને આજે તો તેઓ પચાસમી ઓળી સુધી પહોંચ્યા છે. શ્રી ચીમનલાલભાઇને બે ભાઇઓ છે, મોટાભાઈ શ્રી બાલુભાઈ (ખીમચંદ)નું આખુંયે જીવન સેવાકાર્યો અને સાધુ ભગવંતોની વૈયાવચ્ચમાં પસાર થયું છે. શ્રી બાલુભાઈ (ખીમચંદ)નું જાહેર સન્માન થોડા સમય પહેલાં ભાવનગરના વડવા જૈન સમુદાય તરફથી કરવામાં આવ્યું હતું. નાના ભાઈ શ્રી ગીરધરલાલભાઇ પણ પોતાના સાધના પ્રેસ દ્વારા જૈન સમાજને સેવા આપી રહ્યા છે અને આપણા સાધુઓ-સાધ્વીઓના અનેક પુસ્તકો સુંદર રીતે ત્યાં છપાયેલા છે તેમજ છપાય છે. આવા તપસ્વી અને સેવાભાવી કુટુંબમાં શ્રી મનુભાઇનો જન્મ થયો, એટલે આ બધા ગુણોનો વારસો તો તેમને જન્મથી સ્વાભાવિક રીતે જ પ્રાપ્ત થયેલ છે.

ઘણી વખત ભાગ્ય જ્યારે પ્રબળ હોય છે ત્યારે માણસને બધા સંજોગો પણ સાનુકૂળ સાંપડતા હોય છે. સંસ્કાર અને ચારિત્રનું ઘડતર થાય એવી ભાવનગરની સુપ્રસિદ્ધ શ્રી હરભાઈ ત્રિવેદી સંચાલિત 'ઘરશાળા'માં શ્રી મનુભાઇને શિક્ષણ મળ્યું. બાલ્યવયે જ સંસ્કાર અને ચારિત્રના મૂળ રોપાય છે અને આ રીતે માતા, પિતા, કુટુંબ અને શિક્ષણ બધું જ સાનુકૂળ રીતે પ્રાપ્ત થતાં, તેમના જીવનનું ઘડતર અને ચણતર પણ ઉચ્ચ પ્રકારે થયું. પ્રાથમિક અભ્યાસ પૂર્ણ કરી, થોડા સમય માટે ભાવનગરમાં જ તેમણે દવાની દુકાને કામ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કર્યું. આ કામમાં તેમને રસ પડ્યો અને આ લાઈનમાં જ આગળ વધવું એવા દૃઢ નિશ્ચયપૂર્વક તેઓ ઈ. સ. ૧૯૪૭માં બાવીસ વર્ષની યુવાન વયે મુંબઈ આવ્યા.

મુંબઈમાં આવી પ્રથમના દશ વર્ષ તેમણે દવા બજારોનો અનુભવ લીધો અને વેપારીઓને દવાઓ પૂરી પાડવાનું કામ હાથ ધર્યું. આવા કામને પરિણામે મુંબઈમાં દવાઓનો ધંધો કરતા અનેક મોટા વેપારીઓનો પરિચય થયો, આત્મવિશ્વાસ વધ્યો અને વ્યવસાયની નાની મોટી આંટી ઘૂંટીઓ પણ જાણી લીધી. આ રીતે અનુભવ પ્રાપ્ત કરી તેમણે સ્વતંત્ર રીતે એન્ટીબાયોટિક ડ્રગ્ઝ–દવાઓ બનાવવાની શરૂઆત કરી. પોતાના આ પુરુષાર્થ વડે જ ધંધાનો વિકાસ ક્રમવાર થયો અને તે પણ બહુ ગણતરી અને દીર્ઘદૃષ્ટિપૂર્વક.

શરૂઆતમાં તેમણે નાના પાયા પર અંધેરીમાં ‘Binichem Laboratories’ શરૂ કરી અને તેમાં સફળતા પ્રાપ્ત કર્યા પછી પાલઘરમાં દવા બનાવવાનું એક ભવ્ય કારખાનું આધુનિક પદ્ધતિ થીશરૂ કર્યું. આ કારખાનું એટલું વિશાળ છે કે તેના મકાન બાંધકામમાં બે વરસ લાગ્યા. આ કારખાનાનું નામ Lynex Laboratories રાખવામાં આવ્યું છે અને તેની દવાઓ બજારમાં ભારે આવકારપાત્ર બની છે.

કોઈએ સાચું જ કહ્યું છે કે ઊંચામાં ઊંચા શિખરે તમારે પહોંચવું હોય તો તમારા ઉદ્યોગની નીચામાં નીચી જગાએથી કામ શરૂ કરો અને આ કથનની સત્યતા શ્રી મનુભાઈએ પોતે પ્રાપ્ત કરેલી સિદ્ધિ પરથી પૂરવાર થાય છે. દવા બજારમાં સામાન્ય ધંધાની શરૂઆત કરી આજે તેઓ દવાઓ તૈયાર કરવાની બે ફેકટરીના માલિક છે. આજના જગતમાં તમે શું જાણો છો? અગર તમે કોણ છો? તે કોઈ પૂછતું નથી, તમે શું કરી શકો છો એજ વાત મહત્ત્વની છે. શ્રી મનુભાઈએ પ્રાપ્ત કરેલી સિદ્ધિ પરથી એટલું તો સાબીત થાય છે કે માનવ જીવન તકથી ભરપૂર હોય છે, પરંતુ આ તકો રંગભૂમિ પર રજૂ થાય એવી નાટકીય હોતી નથી; તે માટે સતત પ્રયત્નો, દીર્ઘદૃષ્ટિ અને પ્રબળ પુરુષાર્થની આવશ્યકતા રહે છે.

શ્રી મનુભાઈના લગ્ન ઈ. સ. ૧૯૪૫માં ભાવનગરવાળા ભગવાનદાસ અમરચંદના સુપુત્રી ચંદ્રાવતીબેન સાથે થયા અને સંતાનોમાં તેમને રામલક્ષ્મણની જોડી જેવા બે પુત્રો છે. મોટા પુત્ર યોગેશભાઈ કોલેજમાં ટેકનીકલ લાઈનનો અભ્યાસ કરે છે અને નાના પુત્ર હિરેનભાઈ સ્કુલમાં અભ્યાસ કરે છે. શ્રી ચંદ્રાવતીબેને અઠ્ઠાઈ તપ કરી સાસુ–સસરાનાં તપનો વારસો જાળવી રાખ્યો છે. શ્રી મનુભાઈએ સહકુટુંબ આપણા પૂર્વના તીર્થોની તેમજ અન્ય તીર્થોની યાત્રા કરી છે. ગયા વરસે ભાવનગર–વડવામાં અજોડ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો હતો, જેનો લાભ લઈ શ્રી મનુભાઈએ સંઘ પૂજન તેમજ સિદ્ધચક્ર પૂજનનો લાભ લીધો હતો તેમજ કુટુંબવતી બે પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવવાનો અપૂર્વ લાભ લીધો હતો.

શ્રી મનુભાઈ તથા તેમના સુશીલ પત્ની શ્રી ચંદ્રાવતીબેન અત્યંત સાદા, સરળ, સમભાવી તેમજ આતિથ્ય સત્કારની ભાવનાવાળા છે. શ્રી મનુભાઈએ પ્રાપ્ત કરેલી સિદ્ધિઓમાં એમના પરમ પુરુષાર્થ ઉપરાંત શ્રી ચંદ્રાવતીબેનના પ્રબળ ભાગ્યનો પણ હિસ્સો છે. પતિના પુરુષાર્થ સાથે પત્નીનું ભાગ્ય મળે ત્યારે જ સિદ્ધિ શકય બને છે. શ્રી મનુભાઈના બંને બંધુઓ શ્રી ચંપકલાલભાઈ તથા શ્રી હિંમતભાઈ ભાવનગરમાં જ વ્યવસાય કરે છે.

શ્રી મનુભાઈ જેવા કર્મયોગી અને સંનિષ્ઠ સેવાભાવી મહાનુભાવ આ સભાના પેટ્રન થયા તે બદલ અમે આનંદ અને ગૌરવ અનુભવીએ છીએ અને ઉત્તરોત્તર તેમને અનેક સિદ્ધિઓ પ્રાપ્ત થાય એવી શુભેચ્છા સાથે વિરમીએ છીએ.

卐

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ : ૭૩ | વિ. સં. ૨૦૩૨ જેઠ : ઇ. સ. ૧૯૭૬ જુન | અંક : ૮

તંત્રી : શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા • સહતંત્રી : શ્રી કાન્તિલાલ જગજીવનદાસ દોશી

# વીર વલ્લભસૂરીશ્વરજી વંદના

વીર વલ્લભ શાસનના શણગાર, વીર વલ્લભ નામ.
જૈન શાસનના ઉદ્ધારક થઈ, વર્તાવ્યો જય જયકાર.
સત્યવક્તા બનીને, સોહાવ્યું નિજ કામ.
આત્માના શિષ્ય બનીને, ગુંજાવ્યુ સૌ ધામ.
સારી આલમમાં ડંકો બજાવી, ભીડી હૃદયે હામ.
આપની પ્રસાદી વાંચતાં, આનંદ ઉર છવાય.
તસ્વીર તમારી દેખતાં, નયને સ્નેહાશ્રુ છલકાય.
પંજાબના ઉદ્ધારક વીરને, વંદન કરવા દિલ લલચાય.
પ્રાતઃકાલે નામ લેતાં, દિવસ સુખમય જાય.
સૂરીશ્વરની આવી જયંતિ, મનડાને ભાવી જાય.
અંતર કેરી ઊર્મિ જાગતાં, નૂતન ભાવના થાય.
આપની શતાબ્દી પ્રસંગે, જયંત ઝવેરી વંદે વારંવાર.
વર્ષોના વ્હાણા પછી, જયંત ઝવેરી ઉરાભિલાષી થાય.

રચનાર : **શ્રી જયંતિલાલ મોહનલાલ ઝવેરી**
**અમદાવાદ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મલાભ !

લેખક : મનસુખલાલ તારાચંદ મહેતા

વિક્રમ સંવત ૧ થી વિ. સં. ૩૦૦ સુધીનો સમય જૈન ઇતિહાસમાં 'સિદ્ધસેન–યુગ' નામે ઓળખાય છે. આપણા મહાન આચાર્યોએ પણ સિદ્ધસેન દિવાકરની મુક્ત કંઠે પ્રશંસા કરી છે. શ્રીમદ્ હરિભદ્રસૂરિજીએ સિદ્ધસેનને 'શ્રુતકેવલી'ની કોટિમાં મૂકયા છે. પ્રચંડ તાર્કિકવાદી દેવસૂરિએ તેમને પોતાના 'માર્ગદર્શકરૂપ' માન્યાં છે. સુપ્રસિદ્ધ આચાર્ય હેમચંદ્રસૂરિજીએ સિદ્ધસેનની કૃતિઓ સામે પોતાની કૃતિઓને 'અશિક્ષિત મનુષ્યના આલાપવાળી' જણાવી છે, તેમજ સિદ્ધહૈમ શબ્દાનુશાસનમાં ઉદાહરણ પ્રસંગે 'अनु सिद्धसेनं कवयः' એ પ્રયોગવડે સિદ્ધસેનને સર્વોત્કૃષ્ટ કવિ તરીકે સ્વીકારેલ છે. મહોપાધ્યાય યશોવિજયજીએ સન્મતિ તર્કનો ઉલ્લાસપૂર્વક છૂટથી ઉપયોગ કર્યો છે. ભગવાન પાર્શ્વનાથનું 'કલ્યાણ મંદિર' સ્તોત્ર–જેનું સ્થાન નવસ્મરણ સૂત્રોમાં છે, તે કાવ્ય સિદ્ધસેનની એક અજોડ કૃતિ છે. સંસ્કૃત ભાષામાં રચાયેલું આ કાવ્ય અત્યંત બુદ્ધિપ્રધાન અને મનોહર છે. ઉજ્જૈનના મહાકાલ પ્રાસાદમાં આ કાવ્ય રચવામાં આવ્યું હતું અને તેના પ્રભાવથી પાર્શ્વ પ્રતિમા પ્રગટી હતી એમ કહેવાય છે.

સિદ્ધસેન જન્મે બ્રાહ્મણ જાતિના અને પોતાની પરંપરામાં વ્યાકરણ, કાવ્ય, વેદ અને ઉપનિષદ્ આદિ ઉપરાંત વૈદિક તેમજ બૌદ્ધદર્શનને તેઓ સારી રીતે પચાવી ગયા હતા. પરીક્ષા શક્તિ અને નિર્ભયતા તેમનામાં સ્વતઃ સિદ્ધ હતાં. આ કારણે જૈન આગમ જોતાવેંત જ બીજા કોઈ સાધારણ વિદ્વાનને ન ભાસે એવું મહાવીર ભાષિત તત્ત્વ તેમની પ્રતિભાને ભાસ્યું અને તેમની વિરક્તવૃત્તિ જાગી ઉઠતાં ભગવાન મહાવીરનું શાસન સ્વીકાર્યું. દીક્ષા કાળે જો કે તેમનું નામ કુમુદચંદ્ર હતું, પણ જૈન ઇતિહાસમાં તેમની પ્રસિદ્ધિ 'સિદ્ધસેન દિવાકર'ના નામથી જ થઈ. નીચેનો પ્રસંગ તેમના જીવનનો એક અણમોલ પ્રસંગ છે.

આચાર્ય સિદ્ધસેનસૂરિજી એક વખત જ્યારે ઉજ્જૈન નગરીમાં બિરાજતા હતા ત્યારે ભક્તજનોના સમૂહમાં દેવમંદિર તરફથી ઉપાશ્રય તરફ જઈ રહ્યાં હતાં. મધ્ય રસ્તે આવ્યા તે વખતે સામેથી ઉજ્જૈન નગરીના મહાન રાજવી વિક્રમાદિત્ય હાથી પર બેસી રસાલા સાથે રાજસભામાં જતા મળ્યાં અને મહાવતને કહી વિક્રમાદિત્યે હાથીને રસ્તાની એક બાજુ તરફ તારવી લેવા કહ્યું. વિક્રમાદિત્ય પોતે પણ હાથી પરથી નીચે ઉતરી રસ્તાની એક બાજુએ ઉભા રહ્યાં.

સમ્રાટ વિક્રમાદિત્ય ચાણક્ય બુદ્ધિનો એક ચતુર અને વિદ્યાવ્યાસંગી રાજવી હતો. એ જ રીતે આચાર્ય સિદ્ધસેનસૂરિ પણ અધ્યાત્મ જગતના એક સમ્રાટ હતા. આચાર્ય સિદ્ધસેનની ખ્યાતિ એ વખતે એટલી જબરદસ્ત હતી કે લોકો તેમને 'સર્વજ્ઞ પુત્ર' નામથી ઓળખતા. વિક્રમાદિત્યને સંત અને સાધુજનો પ્રત્યે ભારે આદર અને માન હતા. આચાર્ય સિદ્ધસેન સાથેના ભક્તજનો રસ્તે ચાલતા ચાલતા વચમાં 'સર્વજ્ઞ પુત્ર કી જય'નો નાદ ગજાવતા હતા, અને એ સાંભળી વિક્રમાદિત્યને આચાર્યશ્રીની કસોટી કરવાનું મન થયું.

આચાર્ય ભગવંત વિક્રમાદિત્યની બાજુમાંથી પસાર થયા છતાં, વિક્રમાદિત્યે કશી બાહ્ય વંદન વિધિ ન કરતાં મૌન સેવ્યું. તેમ છતાં હાથ ઉંચો કરી આચાર્ય સિદ્ધસેનસૂરિજીએ રાજવીને કહ્યું : 'રાજન ! ધર્મલાભ !'

વિક્રમાદિત્યે મલકાતા મુખે તુરત જ કહ્યું;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

" ગુરુદેવ ! આપના આશીર્વાદ બહુ સસ્તા લાગે છે. કોઇ પ્રકારના પ્રયોજન વિના પણ શું ધર્માચાર્યો આશીર્વાદ આપી દેતા હશે? મને તો એમ કે કોઇ પ્રકારની વંદન વિધિ વિના એમને એમ ધર્મ ગુરુઓ આશીર્વાદ નહિ આપતા હોય !"

આચાર્ય ભગવંતે અત્યંત શાંતિ પૂર્વક કહ્યું; " રાજન ! વંદન અને વિનયનો સંબંધ માણુસની બાહ્ય રીતભાત સાથે નહિ, પણ અંતરના ભાવો પર આધાર રાખે છે. ભાવ વિહીન ક્રિયાનો ખાસ અર્થ નથી. હાથ જોડી આપે ભલે વંદન ન કર્યા, પણ તમારા અંતરમાં સાધુ સંતો માટે પ્રેમ અને આદરનો સ્રોત વહી રહ્યો છે, જેની ખબર અમારી જેવા સાધુઓને તો માણુસની મુખાકૃતિ જોતાં જ થઇ જાય છે. અંતરમાં જો પ્રેમ અને આદરભાવ ન હોય તો, બાહ્ય રીતે સુંદર દેખાતી રીતભાતનો કોઇ અર્થ નથી, માત્ર દંભ છે. એ રીતે અંતરમાં શુદ્ધ, નિર્મળભાવ અને પ્રેમ હોય તો, બાહ્ય રીતભાત ગૌણુ બની જાય છે. રાજન ! આ કારણે જ આપની મુખાકૃતિ જોઇ મેં આપને ધર્મલાભ આપ્યા છે."

" વિક્રમાદિત્યે સસ્મિત વદને કહ્યું: "ગુરૂદેવ ! ધર્મલાભ આપવાનું ગર્ભિત રહસ્ય તો મને સમજાઈ ગયું, પણ તેમ છતાં એક શંકા થાય છે, જે પૂછતાં ક્ષોભ અને સંકોચ થાય છે."

નિર્મળ હાસ્ય પૂર્વક આચાર્ય ભગવંતે કહ્યું; " રાજન ! શંકાને મનમાં ભંડારી રાખવાથી તેનું નિવારણ થતું નથી શંકા–માનવમનની ભીતરનો ઉકરડો છે, તે સાફ ન થાય તો તેની દુર્ગંધ વધી જાય છે. આ દુર્ગંધ પછી માનવદેહમાં જાતજાતના રોગો ઉત્પન કરે છે, માટે વિના સંકોચે આપની શંકા જણાવો જેથી તેનું નિવારણ કરી શકાય."

ક્ષોભ અને સંકોચ પૂર્વક વિક્રમાદિત્યે કહ્યું, " ગુરુદેવ ! આપે મને ધર્મલાભનો મ સુલી આશીર્વાદ આપ્યો તો ખરો, પણ આવા આશીર્વાદથી બાહ્ય દૃષ્ટિએ તો મારા હાથમાં કશું આવતું નથી. આવા ધર્મલાભને બદલે આપે મને આયુષ્યલાભ, ધનલાભ, પુત્રલાભ કે પત્નીલાભ આપ્યા હોત તો પ્રત્યક્ષ રીતે તેનું ફળ પણ હું અનુભવી શકત ને ! ધર્મલાભમાં શું શુક્રવાર વળે ?"

માર્મિક રીતે હસીને આચાર્યદેવે જવાબ આપતાં કહ્યું; " રાજન ! જેલના કેદીને જેલમાંથી મુક્ત થવાનો કોઈ આશીર્વાદ આપે, તો તેને તે અત્યંત સુખકર લાગે છે, કારણ કે બંધન કોઈને ગમતું નથી. આત્માની સાથે જ્યાં સુધી કર્મ વળગેલું છે, ત્યાં સુધી નરક–તિર્યંચ, દેવ, માનવ કે યોનિમાં તેણે ભટકવું પડે છે, એટલે જ્યાં સુધી નિજસ્વરૂપ અર્થાત્ મોક્ષ પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી જીવે એક અગર તો બીજા સ્વરૂપે કેદી રૂપે જ રહેવું પડે છે. સંસાર એ જેલ છે, જીવ એ જેલનો કેદી છે, જીવ ધર્મનું શરણુ લઇને જ આ કેદમાંથી મુક્ત બની શકે છે, તેથી જ અમે સૌને " ધર્મ લાભ "નો આશીર્વાદ આપીએ છીએ આયુષ્ય લાભ, ધનલાભ, પુત્રલાભ, પત્નીલાભ, આ બધા બાહ્ય દૃષ્ટિએ આકર્ષક અને મીઠા લાગે છે, પણ આવા લાભો થવાથી પરિણામે તો માનવનો સંસાર વિસ્તૃત થાય છે, તેનો અંત નજીક આવવાને બદલે દૂર દૂર થતો જાય છે. આ વાત હવે વધુ સ્પષ્ટતા પૂર્વક સમજાવું.

" આપે આયુષ્ય લાભની વાત સૂચવી. હવે પહેલી નરકમાં પણ ( નાટક ) જીવનું આયુષ્ય ઓછામાં ઓછું દશ હજાર વર્ષનું હોય છે. આટલું લાંબું આયુષ્ય પ્રાપ્ત થવા છતાં, જીવો ત્યાં શું લાભ પ્રાપ્ત કરે છે? ત્યાંના જીવો એક બીજાની સામે કૂતરાની માફક અરસપરસ લડે છે, કરડે છે. ક્રોધ અને ગુસ્સાથી બળે છે— બોલો, રાજન ! લાંબા આયુષ્યનો શો લાભ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ જીવોને પ્રાપ્ત થાય છે? જીવનની સાર્થકતા લાંબું જીવવાથી નથી થતી, ધર્મમય જીવન જીવવાથી જ થાય છે.”

“હવે આપને ‘ધનલાભ’ની વાત સમજાવું. સમુદ્રના તળિયે અને પૃથ્વીના પેટાળમાં અમૂલ્ય જર ઝવેરાતના ઢગલા પડેલા છે, પણ તેથી પૃથ્વી કે સમુદ્રને કશો લાભ છે કે? ધન તો રાક્ષસો પાસે પણ હોય છે, રાક્ષસરાજ રાવણની લંકા સોનાથી મઢેલી હતી, પણ તેથી તેના જીવને ફાયદો શો થયો? લોકો આજે પણ તેમનું નામ આવે છે ત્યારે તેના પ્રત્યે તિરસ્કાર વરસાવે છે, અને તેના નામ પર થૂંકે છે. કોઇ માતા પિતા પોતાના સંતાનનું નામ રાવણ રાખવા તૈયાર નથી, આવો તો તેના નામનો પ્રભાવ છે. ધન માટે સંસ્કૃત શબ્દ દ્રવ્ય છે અને દ્રવ્યનો અર્થ વહેવું પણ થાય છે. દ્રવ્ય કયાંય સ્થિર નથી રહેતું, તેથી તો છપ્પરપગું કહેવાય છે. પૃથ્વીના પેટાળમાં રહેલા ધનની ચોકી ઝેરી સર્પો કરી રહ્યાં હોય છે. ધનના મોહ અને લોભના કારણે આવા જીવો સર્પ-યોનિ પ્રાપ્ત કરે છે. સંસારમાં કેટલાંક માનવો પણ પેલા સર્પોની માફક પોતાના ધનની ચોકી-દારી કરતાં પ્રત્યક્ષ જોઈ શકાય છે. મૃત્યુ બાદ પણ તેઓના ભાગ્યમાં સર્પ બની ચોકીદારી જ કરવાની હોય છે. કહો, રાજન! આ પરિ-સ્થિતિમાં અને કોઇને ‘ધનલાભ’નો આશિર્વાદ આપીએ, તો તેને આશિર્વાદ કહેવાય કે શાપ?”

“હવે પુત્રલાભની વાત સમજાવું. પુત્ર-લાભના આશીર્વાદથી ધારો કે અનેક સંતાનો પ્રાપ્ત થાય, તો પણ તેથી જીવને લાભ શું છે? જો અધિક સંતાનોથી અધિક લાભ પ્રાપ્ત થતો હોત તો, કૂતરી અને ભૂંડણી જે અનેક બચ્ચાંઓને જન્મ આપે છે, તે વધુ સુખી ગણાત. પણ તેમના જીવન તો જુઓ! જાણે નરકનું જ બીજું રિહર્સલ! પુત્ર-પિતા, પતિ-પત્ની, ભાઈ-બહેન, માતા-પુત્ર, આવા બધા સંબંધો તો દરેક જીવે અનેકવાર કર્યાં અને અનેકવાર તોડયાં, આવા બધા સંબંધો અનિત્ય અને ક્ષણભંગુર છે, ભવ ભ્રમણ કરાવનારા છે. મૃત્યુ સમયે તો દરેક સંબંધનો અંત આવી જાય છે અને જન્મ લેનારનું મૃત્યુ પણ નિશ્ચિત જ છે—નથી લાગતું કે આ બધી નરી ઇન્દ્રજાળ-ભવાઈ છે!”

“હવે સાથે સાથે પત્ની લાભની વાત પણ સમજાવી દઉં! કવિઓ અને લેખકો લગ્ન-જીવનની મોટી મોટી વાતો કરે છે, ‘પ્રભુતામાં પગલાં’ ‘દિવ્ય જીવનની શરૂઆત’ ‘ગૃહસ્થાશ્રમની દીક્ષા’ વગેરે. પરંતુ આ બધું નમાજની બાંગ જેવું છે. લોકો પત્ની કરે છે, તેને પૂજવા અર્થે નહિ પણ વાસનાની તૃપ્તિ અને ભોગમાં માની લીધેલા આનંદ માટે. માનવમાત્રનું શરીર-પછી ભલે તે સ્ત્રી હોય કે પુરુષ-દુર્ગંધ, વિષ્ટાદિ તેમજ અશુચિમય એવા પદાર્થોથી ભરેલું હોય છે. એવા શરીરમાં રાગી વિષયી મૂઢ જન જ રમણ કરે છે, આનંદ માને છે. દેહનું સ્વરૂપ જે સમજે છે, તે તો ભોગથી દૂર જ ભાગતો હોય છે. જેવી રીતે ઇન્દ્રાયણનું ફળ જોવામાં સુંદર, સુગંધિત અને સ્વાદમાં મધુર લાગે છે, પરંતુ પેટમાં ગયા પછી તે હળાહળ વિષનું કામ કરે છે, તેવી જ રીતે સ્ત્રીને ભોગવતો પુરુષ અને પુરુષને ભોગવતી સ્ત્રીને ભોગનું ક્ષણિક સુખ મધુરું અને રમણીય લાગે છે. પરંતુ પરિણામે તો નરક નિગોદાદિ દુર્ગતિ-ઓના દુઃખો સહન કરવા પડે છે. ભગવાન મહાવીરે તેથી જ સ્પષ્ટ રીતે કહ્યું કે खाणी अनत्थाणउ कामभोगा-કામભોગો અનર્થની ખાણરૂપ છે. આ કારણે જ અમે કોઇને પત્ની લાભનો આશીર્વાદ ન આપતાં ‘ધર્મલાભ’ જ આપીએ છીએ.”

“ધર્મની પ્રાપ્તિ થાય તો જ જીવન ધન્ય



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બને છે આ ધર્મ દશ પ્રકારે છે: ક્ષમા, માર્દવ, આર્જવ, શૌચ, સત્ય, સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય. માનવી માટે ચક્રવર્તી બનવું સહેલું છે, અને આવું ચક્રવર્તીપણું પણ જીવને કોઈક ભવે પ્રાપ્ત થઈ પણ ગયું હશે. ધન, ઐશ્વર્ય, કીર્તિ અને સુખની સામગ્રીઓ તો જીવે અનેક વાર પ્રાપ્ત કર્યાં, દેવલોકમાં રહી દેવીઓ સાથે રંગરાગ પણ કર્યાં–પણ આ બધું અર્થહીન પૂરવાર થયું, જીવનો તેથી કોઈ ઉત્કર્ષ ન સધાયો. જે પ્રાપ્ત કરવાનું છે તે તો ધર્મ છે, જેની પ્રાપ્તિથી ભવભ્રમણનો અંત આવી જાય. જે ક્રિયાકાંડો અને અનુષ્ઠાનો કરવાની પાછળ સુખ–વૈભવ–ઐશ્વર્યની આકાંક્ષા છે, તે ક્રિયાકાંડો અને અનુષ્ઠાનો તો એક પ્રકારના માયા પ્રપંચ છે. ધર્મનું ધ્યેય અને હેતુ નિજ સ્વરૂપ–મોક્ષ પ્રાપ્ત કરવાનો હોવો જોઇએ."

"રાજન! ધર્મ એ આત્માનું સહજ સ્વરૂપ છે અને બાકીનું તમામ આળ–પંપાળ છે, ક્ષણિક, અનિત્ય અને નાશવંત છે. એક ચક્રવર્તીએ મૃત્યુ સમયે પોતાના શરીરને આજ્ઞા કરી કે: 'તારે મારી સંગાથમાં આવવાનું છે, કારણ કે મેં તને બહુ સાચવ્યું છે, શણગાર્યું છે; લાડ લડાવ્યા છે, આનંદ પ્રમોદ કરાવ્યાં છે; સુશોભિત રંગબેરંગી કપડાંઓ અને ભાત-ભાતના અલંકારો પહેરાવી ભોગો ભોગવ્યા છે. હવે મારા જવાનો સમય પાકી ગયો છે, તો તું પણ તૈયાર થઈ જા!' દેહે તેને જવાબ આપતાં કહ્યું કે: 'જીવ એકલો આવે છે અને તેણે એકલાએ જવાનું હોય છે, આ પ્રથા અનાદિ કાળથી ચાલતી આવે છે. કોઇ શરીર કોઇ જીવ સાથે કદી ગયું નથી અને કદી જવાનું પણ નથી' ચક્રવર્તીજી! एगोहं नत्थि मे कोइ, नाहमन्नस्स कस्सइ–હું એકલો છું, મારૂં કોઈ નથી અને હું પણ કોઇનો નથી–એ કહેનારને ત્રણે કાળનું જ્ઞાન હતું. આપ એ વાત ભૂલી ગયા લાગો છો."

"રાજન! દેહ પ્રત્યે જેટલી મમતા, તેટલું મૃત્યુ વખતે દુઃખ. જે ધર્મને પામ્યો છે, તેવા જીવને મૃત્યુ વખતે શાંતિ–સંતોષ–આનંદ અને ઉલ્લાસ વર્તાય છે. જીર્ણ થયેલા મકાનને છોડી નવા મકાનમાં રહેવા જનારની માફક તેને તો ઉત્સાહ અને ઉમંગ હોય છે. जगत्काय स्वभावौ च सवेग वैराग्यार्थम्–માણસ જગત અને શરીરના સ્વરૂપનું મનન કરે, ચિંતન કરે તો તેને આ સંસારની નાટ્યલીલા સમજાઈ જાય, અને ચોક્કસ સંવેગ (ભય) અને વૈરાગ્ય ઉત્પન્ન થયા સિવાય ન રહે. પણ આજનો પામર માનવી મૃત્યુ લોકમાં જ નરકના જીવોનું જ્યાં રીહર્સલ કરી રહ્યો છે, ત્યાં એને મનન કે ચિંતન માટે વખત જ ક્યાંથી મળે? એટલે પછી એને ભૂખ લાગે છે જર–ઝવેરાત, પત્ની અને સંતાનોની. તેથી તો તેને મરવું ગમતું નથી અને વધુ જીવવા માટે ફાંફાં માર્યા જ કરે છે. મૃત્યુ કાલે આવવાને બદલે ભલે આજે જ આવી જાય એવી તૈયારીપૂર્વક જીવન જીવવું જોઇએ."

ધર્મલાભનો અર્થ અને તેનું ગૂઢ રહસ્ય સમજાઈ જતાં વિક્રમાદિત્યનું મસ્તક આચાર્યશ્રીને નમી પડયું અને નીચા નમી ગુરૂદેવના ચરણની રજ લઈ પોતાના મસ્તકે ચઢાવી.*

* પૂ. અમરમુનિજીના એક પ્રવચન પરથી સૂચિત.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રતિષ્ઠા અને અહંકાર

—પૂ. કેદારનાથજી

[ પ્રતિષ્ઠા માન-સન્માન વિ. સાધકની પ્રગતિમાં અવરોધરૂપ બની જાય છે. માન-સન્માન Slow Poison–મીઠાં ઝેર સમાન છે, જેનો સ્વાદ મધુર અને મિષ્ટ હોવા છતાં પરિણામે તો જીવનું પતન કરે છે ચંડાળ કે ભંગી અસ્પૃશ્ય નથી, અસ્પૃશ્ય તો સાધકનું નિકંદન કાઢનાર માન અને પ્રતિષ્ઠાનો મોહ છે સાચો સાધક તેનાથી દૂર રહે છે અને તેના જાળમાં સપડાયેલાની સ્થિતિ પેલા કરોળિયા જેવી થાય છે–પોતે જ કરેલા ઘરમાં કેદીરૂપ બની મરણને શરણ થાય છે. આપણા એક વિદ્વાન મુનિરાજે સાચું જ કહ્યું છે કે:—

विवेकनेत्रं हरताऽस्मदीयं मानेन तीव्रो विहितोऽपराधः ।
न त्यज्यते तच्छ्रयणं तथापि कांद्दश्यहो ! मूढधियः प्रवृत्तिः ! ।।

અર્થાત્ અમારા વિવેકરૂપ નેત્રને હરણ કરતા માને અમારો જબરો અપરાધ કર્યો છે. છતાં તેનો પલ્લો નથી મૂકાતો ! કેવી મૂઢ દશા !

આ જ વાત પૂ. કેદારનાથજીએ ટૂંકામાં અત્રે સમજાવેલ છે. —તંત્રી ]

**પ્રત્યેક મોહ માણસની ઉન્નતિમાં બાધક** અને અવનતિમાં કારણ થાય છે. તેમાંયે માન અને પ્રતિષ્ઠાના મોહની વિશેષતા એ છે કે તેનાથી થતી અવનતિ જલદી તેના ધ્યાનમાં આવતી નથી. માટે તે બાબતમાં સાધકે વધારે સાવધ રહેવું જરૂરી છે. આ મોહમાંથી તમારે અલિપ્ત રહેવું હોય તો તમારે તમારા ધ્યેયનું સતત ભાન રાખવું જોઇએ. તમે દેશકાર્યમાં, રાષ્ટ્રકાર્યમાં, સમાજસેવામાં હો તો તમારા સદ્દગુણોને લીધે, સેવાવૃત્તિને લીધે તમારૂં ગૌરવ કરવાની, તમારૂં માનસન્માન કરવાની લોકોને ઇચ્છા થાય એ સહજ છે. પરંતુ એવે પ્રસંગે તમારૂં ગૌરવ ન કરાવતાં, પોતે માન ન લેતાં તમારા સદાચરણનું અનુકરણ કરવાનો તમારે તેમને આગ્રહ કરવો અને તેમ કરવામાં તમારૂં ગૌરવ છે એમ તમારે તેમને સમજાવવું જોઇએ. લોકોના મનમાં તમારા વિષે ખરો આદર હોય તો તેઓ તમારૂં કહેવું સાંભળશે. તમારે વિષે તેમના મનમાં રહેલા સદ્દભાવનો તેમના કલ્યાણ માટે ઉપયોગ કરવો એમાં ખરી સેવા છે. જો તમારા મનમાં લોકો વિષે ખરો પ્રેમ જાગ્રત હોય તો, તમે નિરહંકારી હો અને તમે પોતાની ઉન્નતિ વિષે સાવધ હોઇ તમારામાં કાર્યદક્ષતા હોય તો જ તમે આ સાધી શકશો. પણ આ સદ્દગુણો તમારામાં નહિ હોય તો માનપ્રતિષ્ઠાના અને કીર્તિના મોહમાં તમે વધુ ને વધુ સપડાશો. વખત જતાં તે તમારૂં વ્યસન થઇ જશે. માનપ્રતિષ્ઠા સિવાય સત્કર્મ કરવાની તમારી બુદ્ધિ નાશ પામશે.


પછી પોતા વિષેના લોકોના આદરને લીધે તેનો અહંકાર પોષાતો જાય છે, તેને ઉત્તેજન મળે છે. તે અહંકારમાંથી મદ, મદમાંથી નશો, નશામાંથી બુદ્ધિભ્રંશ અને તેને લીધે બધા અનર્થો થાય છે. આ મોહમાં રહેલો મદ અને નશો ઉગ્ર ન હોય તો યે તે આપણી મતિ અને વિવેકને બધીર કરી નાખે છે એમાં શંકા નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અહંકાર જાગ્રત થઇને વધતો હોય છે. લોકાદરથી તે પોષાતો જાય છે. પણ આપણે એ બધું ઓળખીને સ્પષ્ટપણે સમજવું જોઇએ કે લોકોની હોંશ ખાતર આપણે ભૂલભરેલા માર્ગે લોકરંજનમાં ન પડવું જોઇએ. લોકો આજ આપણને ઈશ્વર બનાવશે અને તેમાંથી આનંદ મેળવશે તો કાલે આપણું પતન થતાં નિંદા કરીને તેમાંથી આનંદ મેળવશે, અને સમજો કે તેઓ આપણી નિંદા ન કરે અને છેવટ સુધી તે આપણા પ્રશંસક અને પૂજક રહે તો તેને લીધે તેમનું કે આપણું કયું કલ્યાણ સધાશે ? એકબીજામાં ન હોય એવા ગુણોની પ્રશંસા કરતા રહી કે દોષ સહન કરતા રહી બધાને દંભી બનાવવામાં કોનું કલ્યાણ સધાવાનું છે ? આ બધી બાબતોનો વિચાર કરીને તમારે અહંકારથી દૂર રહેવું જોઇએ. ચિત્ત હંમેશા શુદ્ધ રાખીને પોતાની માનવતા વધારવા માટે સદ્‌ગુણોનો આગ્રહ રાખવો એ જ પોતાના જીવનનું કાર્ય છે એમ તમારે સમજવું જોઇએ.




**લોખંડ**

**ના**

“ બીજાના આનંદ માટે કરવામાં આવેલી મહેનત ખુદ આપણને આનંદ આપે છે. ”

**ગોળ અને ચોરસ સળીયા**

**પટ્ટી તેમજ પાટા**

વિગેરે મળશે

**ધી ભારત આયર્ન એન્ડ સ્ટીલ ઇન્ડસ્ટ્રીઝ**

રૂવાપરી રોડ : **ભાવનગર**

ટેલીગ્રામ : આયર્નમેન

ફોન — ઓફીસ { ૫૬૫૦, ૩૨૧૯ — રેસીડેન્સ { ૪૫૫૭, ૫૫૨૫




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## પૂ. આચાર્યશ્રી કસ્તુરસૂરી મહારાજ સાહેબની સ્મૃતિ

રે કાળ ત્હેં આ શું કર્યું,
કસ્તુરસૂરી ચાલ્યા ગયા૦
નેમીસૂરીના સંઘાડે,
ઓજસ્ પ્રસરાવી ગયા૦
સોજીત્રા ગામે કાળધર્મ પામી,
અંતર વિહોણું કરી ગયા૦
નંદનસૂરીના પગલે ચાલી જતાં,
મમતા મૂકી ગયા૦
નિર્મળ હતું હૃદય,
પળમાં ભૂલાવી ગયા૦
કસ્તુરીસમ મ્હેંકીને,
સુવાસ પ્રસરાવી ગયા૦
ફુલ કરમાતાં,
સૌરભ મૂકી ગયા૦
જીવન છે સોણલું,
જીવન ઝાંખી કરી ગયા૦
પ્રભુની છે લીલા ન્યારી,
પળમાં શોક પ્રસરાવી ગયા૦
સમાચાર સાંભળીને,
'જયંત ઝવેરી'ને અશ્રુ આવી રહ્યાં૦

—જયંતિલાલ
મોહનલાલ
ઝવેરી
અમદાવાદ


પાઠશાળાઓ, ધાર્મિક શિક્ષકો અને યુવાન પ્રજાનું
અત્યંત લોકપ્રિય માસિક

**જૈન શિક્ષણ સાહિત્ય પત્રિકા**

સુંદર બોધદાયક કથાઓ તેમજ પાઠશાળા અંગે પ્રેરક અને
માર્ગદર્શક લેખો દરેક અંકમાં આપવામાં આવે છે.

છેલ્લા ૧૯ વર્ષથી જૈન સમાજની અનુપમ સેવા કરતું માસિક

**વાર્ષિક લવાજમ રૂા. ૫-૦૦**

વિગત માટે લખો :—

**જૈન ધાર્મિક શિક્ષણ સંઘ**

ઠે. શાંતિનાથજી જૈન દહેરાસર, પાયધુની, મુંબઈ નં. ૪૦૦૦૦૩




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નારીગૌરવ

—વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી

વર્તમાન પરિસ્થિતિમાં નારીપ્રતિષ્ઠાનો વિચાર કરતાં ત્રણ સાંસ્કૃતિક પરિબળો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ. આપણા જીવનને સૂક્ષ્મ પણ ગાઢ રીતે સ્પર્શતી ત્રણ બાબતો છે: પરંપરા પ્રાપ્ત સ્ત્રી અધિકારના ખ્યાલ, નારીગૌરવના કેટલાક સારા અને કેટલાક વિકૃત આધુનિક ખ્યાલો અને પરિવર્તતી સામાજિક પ્રણાલીઓ અને આર્થિક અવસ્થાઓ. આ પ્રત્યેકનો વિચાર દૂરદૃષ્ટિ અને સ્વસ્થ વિવેકબુદ્ધિથી થવો જોઇએ, કેમકે કોઈ પણ વિચારની અંતિમ કોટિ શ્રેયને કિંવા લોકસંગ્રહને બાધક નીવડશે.

સ્ત્રીજીવનની કેવળ કલ્પનામાં સુવર્ણ ભભકથી માંડી મેશની કાળાશ સુધીની રંગલીલા દેખાય છે; તો તેની ઓછીવત્તી સાધ્ય ગણાય એવી ભાવનાઓમાં પણ ગૂંચો છે. આમાંથી રસ્તો કાઢવા આપણે એક જીવનસૂત્રનો આધાર લેવો જોઇએ. સ્ત્રીને પહેલા પ્રથમ માનવ તરીકે લેખવાની છે અને માનવ લેખે પૂર્ણ જીવનસિદ્ધિના, સમાજસેવાના, પુરુષાર્થના અધિકાર આપવાના છે. તેને દેવી, પરી, ઢીંગલી, દાસી, વાસના સંતોષવાનું ઉપકરણ, માશુક કે પ્રજાતંતુના સાતત્ય માટે અનિવાર્ય ચાકડો ગણવાની નથી. એ રીતે ગણવાનો સ્ત્રી ઇન્કાર કરે તો તે વાજબી છે. સ્ત્રીને પુરૂષના કામોત્તેજક ઉપસ્કર સૂચવતા કોઈ પણ વિચારને કે પ્રચારને કશું સમર્થન ન મળવું જોઇએ. નારીને માનવના પૂર્ણ અધિકાર મળે ત્યારપછી ભલે તે સીતા કે શકુન્તલાની, ગાર્ગી કે મીરાંબાઇની, લક્ષ્મીબાઈ કે કસ્તુરબાની ભાવના સ્વસંકલ્પથી સેવે. નારીરત્નોનાં ગુણગાન ગાઇ સાધારણ માનવીના હકોને ભોગે તેને આસમાની આદર્શો ઉપદેશવા એ વસ્તુતઃ સામાજિક ખંધાઇ છે. પુરૂષે પણ માનવના હકો મેળવીને જ ઉચ્ચતર જીવન સારૂ, મોક્ષ સારૂ, એ અધિકારોને ઓળંગી જવાનું છે. પુરૂષ દેવ બની શકે, સ્ત્રી પણ દૈવીગુણસંપન્ન થઇ શકે. પુરૂષ જેમ પંડિત, વીર કે સંત હોય, તેમ સ્ત્રી પણ હોય. વાસના અને કામનાનો વિષય સ્ત્રી છે, પુરૂષ પણ છે. સ્વાતંત્ર્ય તેમજ સંયમની આવશ્યકતા બેમાંથી કોઇને ઓછી નથી. કુટુંબના યોગક્ષેમની જવાબદારી, તેની અખંડતા અને સુભગતા જાળવવાની ફરજ કુટુંબનાં સર્વજનની છે. સ્ત્રી રમણીય છે માટે ભોગ્ય છે અને પુરૂષ બળવાન છે માટે ભોક્તા છે, એ ખ્યાલ વરવો અને પરૂષ છે. પુરૂષ બળવાન છે તો તેણે સ્ત્રીનું રક્ષણ કરવું જોઇએ, તેને ભોગ્ય બનાવવાની નથી. અસહાય અને લાચાર સ્ત્રીનું રક્ષણ કરવાની જવાબદારી સમાજની છે એ આપણા ધર્મોપદેશકોનાં વિધાનોનું તાત્પર્ય છે.

આ વીસમી સદીના અનેક વિગ્રહોમાં સ્ત્રીની અવદશા કરતી વખતે નાતાના હૃદયે એ જુનવાણી તાત્પર્યને પણ ખાસ સંભાર્યું નથી. બાકી, વસ્તુતઃ સ્ત્રી અને પુરૂષ બેઉ મોહક હોઈ શકે, ભોક્તા હોઈ શકે અને ભોગ્ય પણ હોઇ શકે. બંને સહસ્વાન અને વીર, ધીર અને પ્રભાવશાલી, પ્રાજ્ઞ અને વ્યવહારજ્ઞ હોઈ શકે. પાપપુણ્યનાં વલણો, આનંદપ્રમોદની અભિલાષાઓ, સુખદુઃખના સંસ્કારો વ્યક્તિઓમાં ઓછાવત્તાં હોય પણ તે લિંગનિર્મિત નથી, પરંપરા અને સંસ્કારથી નિર્મિત છે. આ વિષયની સમગ્ર વિચારણામાં આપણે દેવલોકી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કે અસુરલોકી એવાં એકાંગી ખ્યાલો તજવા જોઇએ.

શાસ્ત્રકારોનાં અર્ધગૃહીત વિધાનો કરતાં ધર્મ અને કલાના ધૂર્ત વેપારીઓએ નારીપ્રતિષ્ઠાને વધારે હાનિ કરી છે. આનંદપ્રમોદના એક સસ્તા અને વ્યાપક સાધન તરીકે ચિત્રપટનું મૂલ્ય ગમે તેટલું આંકીએ, પણ એ દ્વારા સ્ત્રી-જીવનને ઓછી આંચ આવી નથી. જ્યાં અભદ્રતા દેખાય ત્યાં તેનો સામાજિક વિરોધ થવો જોઈએ. સંગીત નૃત્ય નાટક સિનેમા વગેરેમાં, ધાર્મિક અને સામાજિક ઉત્સવોમાં, વપરાશ યા વિલાસની ચીજોની જાહેરાતોમાં નારીનું વિકારપોષક દર્શન થાય એવું કશું પણ સ્ત્રી સમાજે પોષવું કે ચલાવી લેવું જોઇએ નહિ. આ બાબતમાં પશ્ચિમનું અનુકરણ ગર્હણીય છે. સ્ત્રીનો સહજ લજ્જાભાવ જાળવીને કલાઓનો વ્યાપાર અને સંવર્ધન ના થઈ શકે એમ નથી. આ ક્ષેત્રમાં ભારતના કલા–ઇતિહાસમાં દોષો દેખાતા હોય તો તેને દોષ તરીકે સ્વીકારવા જોઇએ.

આપણું જીવન સીધી કે આડકતરી રીતે અર્થકેન્દ્રી અને કામકેન્દ્રી થતું જાય છે તેના નિવારણના માર્ગો આપણે શોધવા જોઇએ. સેવાભાવ વધે, કર્મપરાયણ કરુણા વધે તો આપણું અર્થદાસત્વ ઓછું થાય. તે જ રીતે જો આપણા કૌટુંબિક જીવનમાં અનેક પાર્શ્વ અને સંકુલ વ્યક્તિજીવન હોય તો કામવાસનાને અન્ય ભાવોથી સહેજે મર્યાદા મળી રહે. બુદ્ધિથી વાસનાઓને દબાવવા કરતાં વાસનાઓને બીજી પ્રબળ લાગણીઓ સાથે જોડીએ તો તેનો નિરોધ સરળ પડે છે.

પુરુષ જેમ પ્રિયતમ, પતિ, પિતા, પુત્ર, ભાઈ અને નાગરિક લેખે અનેકરૂપ દેખાય તેમ સ્ત્રી પણ ભિન્ન ભિન્ન સંબંધોમાં દેખાય અને પ્રવર્તે, અને બધામાં તેનું સમ્યક્ અને સુભગ દર્શન થાય–સમાજ સ્વાસ્થ્ય માટે અને સ્ત્રીની જીવનસિદ્ધિ સારૂ આ વ્યવસ્થા ઠીક ગણાય. આ રીતે આપણે પ્રવર્તમાન વિરોધો અને સંઘર્ષોમાં સ્થિરતા અને સામંજસ્ય લાવી શકીશું. શ્રેય અને પ્રેયનો સમન્વય થવો જોઇએ, બંનેની પ્રાપ્તિ માટે સહ–અવકાશ યોગ્ય ગણાય. આપણાં જ યુગમાં, છેલ્લા શતકમાં, અનેક નારીઓએ પ્રણય સેવ્યો છે, ઘર અને પરિવાર સંભાળ્યા છે, કૌમાર જીવન કે સંન્યાસિનીનું જીવન જીવી બતાવ્યું છે. તેમણે અદ્ભુત વીરત્વ, વ્યવસ્થાશક્તિ, સેવાભાવ, ત્યાગ દાખવ્યાં છે, અને કલા, વિદ્યા વા ધર્મની સાધનામાં નામના મેળવી છે. સંયમી અને સંવાદીપૂર્ણ જીવનના પંથે જ સ્ત્રીજીવનનો ઉત્કર્ષ છે. આમાં જ પુરૂષ જીવનનો અર્થાત્ સમાજનો સર્વાંગી ઉદ્ધાર છે. સમાજનાં સ્ત્રીપુરૂષોનો સ્વતંત્ર તેટલો જ સંયમી, લોકોત્કર્ષક અને લોકસંગ્રહનિષ્ઠ જીવનવ્યવહાર એ ભાવિસંસ્કૃતિની મોટી કસોટી છે.

વિશિષ્ટ સૌન્દર્ય અને માધુર્ય સ્ત્રીનો ગુણવિશેષ પણ એ લાવણ્યને કોઈ વટાવી ન ખાય; એ પોતે પણ તેને ન વટાવે. લાવણ્ય અને ઓજસ્ એક માંગલ્ય છે; પરમાત્માની વિભૂતિ છે. એ સાચવવાનાં છે પણ એને પ્રસાધન કે પ્રદર્શનની જરૂર નથી. એ વાણિજ્યની વસ્તુ નથી. સંસારમાં સૌન્દર્યનું અસ્તિત્વ જ તારકિત નભ પેઠે સ્વતઃ સ્વસ્તિ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'વિચારોની ચોકી કરો'

લે. કલાવતા વોરા

[એક સુપ્રસિદ્ધ લેખકે લખ્યું છે કે, "પ્રત્યેક વિચાર અથવા લાગણી શરીરના અણુ અણુમાં આંદોલિત થાય છે અને તે પર પોતાની અસર કરે છે." શ્રી ઓરિસન સ્વેટ માર્ડન પોતાના એક પુસ્તકમાં લખે છે કે, "આપણે જે વિષે ઝાઝો વિચાર કરીએ છીએ તેના જેવા જ આપણે બનીએ છીએ. જો આપણે મનને દૈવી વસ્તુઓ પર–આધ્યાત્મિક ગુણો પર. વિશેષ એકાગ્ર કરીએ, તો આપણે આધ્યાત્મિક શક્તિ પ્રાપ્ત કરીએ છીએ, એટલું જ નહિ પરંતુ તે શક્તિ આપણા મુખારવિંદ પર અને આપણી રીતભાતમાં પણ જણાય છે. માણસોના ટોળામાંથી ધર્માચાર્યને દીર્ઘકાળ પર્યંત દૈવી ગુણો વિષે જ વિચાર કરનાર માણસને આપણે કેટલી સહેલાઈથી શોધી કાઢી શકીએ છીએ. દૈવી ગુણો, પવિત્ર પદાર્થો અને સંપૂર્ણતા વગેરે વિષયો પર તે વારંવાર વિચાર કરે છે; તેથી આ ગુણો તેના મુખારવિંદ પર જણાય છે: તેની આંખમાંથી પણ તેનો જ પ્રકાશ બહાર પડે છે અને દેખાવમાં તથા તેની રીતભાતમાં પણ તે જ દૃષ્ટિગોચર થાય છે."

સારામાં સારૂં આરોગ્ય પ્રાપ્ત કરવાનો રાજમાર્ગ અધિક અને અધિક આરોગ્ય પ્રાપ્ત કરવાનો વિચાર કરવો એ છે. આપણા વિચારો, આપણા આદર્શો, આપણી કલ્પનાઓ, આપણી લાગણીઓ, સંવેદનાઓ, ભાવનાઓ અને મનોવૃત્તિઓ નિરંતર આપણા પ્રત્યેકના શરીરના અણુએ અણુમાં, આંદોલન મોકલતી રહે છે. તેથી જ લેખિકા બહેને આ લેખનું શીર્ષક સાચું જ આપ્યું છે કે, "વિચારોની ચોકી કરો."]

—તંત્રી

આપણા સમગ્ર વ્યક્તિત્વને ઘડનારૂં બળ છે આપણા વિચારો. એટલે આપણી માન્યતાઓ કે રૂઢ થયેલા ભાવોની વાત નથી, ક્ષણે ક્ષણે મનમાં તરેહ તરેહની રીતે આવતા વિચારો, ક્ષણે ક્ષણે મનમાં પલટા લેતા ભાવો. એકની એક વાતને બે ક્ષણોમાં બે જુદી રીતે વિચારતાં વિચારો, એટલે કે પળપળનાં માનસિક વલણો. આ વલણોને તપાસતા રહેવું જોઈએ.

એક ડોકટરે એક વાર એના એક મિત્રને કહ્યું હતું, યાર જો હું મારા કેટલાક દરદીઓના માથાં જુદાં પાડી શકતો હોત તો, પછી એ માથા સમા કરીને પછી પાછા તેને ત્યાં ગોઠવી દઇ શકતો હોત તો કેવું સારૂં થાત. મોટા ભાગની શારીરિક મુશ્કેલીઓની સર્જનક્રિયા ગળાની રેખાની ઉપર જ રચાતી હોય છે.

આ ભલે એક હકીકતને કહેવાની મશ્કરીભરી રીત છે, પણ જે ડોકટરોને કહેવાનું છે તે એ દ્વારા બરાબર કહે છે. પરંતુ એમ જો થઈ શકતું હોત તો દુનિયામાં ઓછા બીમાર માણસો હોત એમાં શંકા નહિ.

માણસ જે જાતના વિચાર કરે છે એવો જ તે બને છે. વિચારોનાં વલણો માણસના આખા અસ્તિત્વને અસર કરે છે. માનસિક પ્રવાહો શારીરિક પ્રવાહોની ગતિ ઝડપી કે મંદ બનાવતા રહેતા હોય છે. અસ્પષ્ટ રીતે કોઈ પણ બાબતના વિચારો કરવાની ટેવ, હકીકતને સ્પષ્ટ પકડમાં લીધા વગર તે ઉપર વિચાર કરવાથી માણસ બિનજરૂરી એવી વાતોની ચિંતા કરતો થાય છે, અથવા ખોટા અયોગ્ય નિર્ણયો ઉપર આવે છે. જેનુ પરિણામ આપણા લાભમાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ન આવતાં ક્રોધ આવે છે અને આપણી વિચાર કરવાની રીત જ એવી હોવાથી આવા પ્રસંગો વારંવાર બને છે તેથી ધીરે ધીરે સ્વભાવમાં જ એ ચિઢિયાપણું પ્રવેશી જાય છે, આત્મ-વિશ્વાસનો અભાવ પેદા થાય છે. એ બધા ઉપરાંત ઉછીની ચિંતા લેવાની પણ માણસોને ટેવ હોય છે. આપણી જ નહિ, બીજાઓની પણ નકામી ચિંતા. અને આ બધામાંથી જન્મે છે કેટલાક શારીરિક દરદો અશક્તિ, એનિમિયા, નાડીની ઝડપી ગતિ, લોહીનું ભારે દબાણ, જ્ઞાનતંતુઓની નબળાઇ, અપચો, ગેસ, વગેરે.

આ બધા દરદોનું ઉત્પત્તિસ્થાન મનમાં ચાલતા વિચારો સિવાય બીજું કશું જ નથી. પણ આપણે એ વિચારોને બરાબર પકડી રાખી શકતા નથી એ એની કરુણતા છે. આવા ઘણા માણસો મળશે જે કલ્પી કલ્પીને ચિંતા કરતા હોય છે. જે કદી ન બનવાનું હોય તે બનશે જ એમ પાકું માની લઇને એ ઉપર વિચારો ચલાવ્યા જ કરે છે અને જ્યારે એ બનવાનો કાળ પસાર થઈ જાય છે ને એનું ધારેલું બનતું નથી ત્યારે તેને પોતાની ખોટી ચિંતાની ખબર પડે છે પણ ત્યારપહેલાં પહેલાં ચાલેલા વિચારપ્રવાહોએ ઘણી જ્ઞાનતંતુઓની તોડફોડ કરી લીધી હોય છે. માણસ તે પહેલાં પોતાને બીમાર માની શકે એટલો તૈયાર થઈ ગયો હોય છે.

શાંત, સ્વસ્થ, વ્યવસ્થિત મન જીવનના સર્વ પ્રસંગોનો સામનો કરી શકે છે સુખ, શાંતિ અને સંતોષ માટે જરૂરી એવી શક્તિ અને સમતુલા દ્વારા એને એ પ્રાપ્ત થાય છે. આપણા વિચારપ્રવાહોમાં આ સમતુલા હર-હંમેશ આવશ્યક છે. વિચારો પરનું આપણું નિયંત્રણ હોય તો ઉચ્ચ સપાટી પર વ્યવસ્થિત વિચારણા કરવી આપણે માટે શક્ય બને. નહિ તો ગઈ કાલની ભૂલને ભૂલ રૂપે ચલાવી લઇએ કે સમજીએ જ નહિ તો તે આજે ગોટાળો જ ઊભો કરે. વ્યવસ્થિત યોજના, શાણપણે કરેલા વિચારો, અને સારા અને સ્પષ્ટ વિચારો બુદ્ધિ-પૂર્વક અને આત્મનિયંત્રણ પૂર્વક જીવન જીવવામાં મદદરૂપ થાય છે.

સ્વસંચાલિત વાહનોમાં મોટર જે કામ કરે છે એ જ કામ વિચારોની વ્યવસ્થાએ આપણા જીવનમાં કરવાનું છે. એ જ જીવનને જીવવા માટે જરૂરી શક્તિ પૂરી પાડે છે. વાહનમાં જરૂરી બેટરી ( મોટર ) ન હોય તો તે ચાલશે નહીં જ. સ્પષ્ટ વિચારણા વગર માણસ પોતાની ઉત્તમ શક્તિનો ઉપયોગ કરી શકતો જ નથી. આપણે આપણા વિચારોથી વધારે સારા કે ખરાબ થઈ શકતા જ નથી. એવો કોઈ ચમત્કાર નથી જ બનતો કે વિચારો અમંગલ જ આવે અને કાર્યો મંગલ જ થાય. વિચારો અને વ્યક્તિત્વ સાથે સાથે જ ચાલતાં હોય છે. પ્રત્યેક ખોટા નિશ્ચયો કે ખરાબ હેતુઓ હલકા અથવા ગૂંચવાડાભર્યા વિચારોમાંથી જન્મે છે અને એજ આપણા સારા કે ખરાબ વ્યક્તિત્વને સર્જે છે. દરેક ઉમદા કાર્ય ઉચ્ચ વિચારોનું બાળક છે એમ કોઈકે કહ્યું છે. એ આપણા નાના જીવનમાં થતાં નાના સારાં કાર્યોને તપાસવાથી પણ સમજી શકાય છે. જેવો વિચાર તેવી વાણી ને તેવું કાર્ય એ જાણીતી ને દરેકના અનુભવની વાત છે, અને જેવું કાર્ય તેવાં આપણે.

આમ આપણું વ્યક્તિત્વ એ વિચારો દ્વારા સર્જાયેલી અનેક આદતોની એક ગૂંથણી જ છે. એથી વિચારોના માલિક બનવું જોઈએ, ગુલામ નહીં. આપણા વિચારો આપણને સબળ બનાવે આપણને તોડી ન નાખે એ ઉપર નજર રાખીને આપણા વિચારપ્રવાહોની ચોકી કરવી જોઇએ.

卐



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સતી કલાવતી

લેખક : જિનદાસ મણીલાલ દોશી

નરવિક્રમ રાજાને શિકારીએ એક સુંદર પોપટ ભેટ આપ્યો. પોપટ મનુષ્યની ભાષા બોલતો હતો. રાજાએ તેની રાણીને પોપટ આપ્યો. રાણીએ સોનાના પાંજરામાં પોપટને રાખ્યો. રાણીને પોપટ ખૂબ જ વહાલો હતો. આ રાણીનું નામ સુલોચના હતું.

રોજ સુલોચના સાધુ મહારાજને વંદન કરવા જતી, ત્યારે રાણી તેના પાળેલા પોપટને પણ સાથે લઇ જતી.

પોપટ પૂર્વનો આરાધક હશે તેથી સાધુ મહારાજને પોતાનું માથું નમાવી વારંવાર વંદન કરતો.

એક દિવસ સુલોચના કામ હોવાથી સાધુ મહારાજને વંદન કરવા જઇ શકી નહિ.

પોપટને સાધુ મહારાજનાં દર્શન કર્યા વગર ચેન પડે નહિ. પોપટે સાધુ મહારાજનાં દર્શન કરવાનો નિયમ લીધેલો.

સુલોચનાએ બપોરે પોપટનું પાંજરૂં ખોલી તેમાં ખાવાનું મૂકયું પાંજરૂં ખુલ્લુ રાખી સુલોચના કામ હોવાથી બીજા ખંડમાં ગઈ. તરત પાંજરામાંથી પોપટ ઉડી ગયો.

પોપટ પછી સાધુ મહારાજને વંદન કરી જંગલમાં જતો રહ્યો.

સુલોચનાને પોપટ વગર ચેન ન પડયું. તેણે તેના કેટલાય નોકરોને જંગલમાં પોપટ પકડવા મોકલ્યા.

એક દિવસ પોપટ પકડાયો. નોકરોએ જંગલમાંથી પોપટને લાવીને સુલોચનાને આપ્યો.

ફરીથી પોપટ ઉડીને ભાગી ન જાય તે માટે ખીજાએલી સુલોચનાએ પોપટની બંને પાંખો તોડી નાખી.

આરાધક પોપટે પછી અનશન કર્યું. પાંચ દિવસ બાદ પોપટ મરી ગયો, અને પોપટનો જીવ દેવલોકમાં દેવ બન્યો.

સુલોચના.... પોપટ વગર હવે સુલોચનાને ચેન પડતું નથી.... સુલોચનાએ પણ પછી પોપટના શોકમાં રહી અનશન કર્યું. અને તે મરીને પોપટનો જીવ જે દેવ હતો તેની દેવી બની.

*

દેવનું આયુષ્ય પૂર્ણ થયું પછી તે શંખ રાજા બન્યો, તે દેવની દેવી કલાવતી રાણી બની.

શંખ રાજા અને કલાવતી રાણી બન્ને પતિ પત્નીએ કેટલોક સમય સુખમાં પસાર કર્યો. રાણી કલાવતીને તેના ભાઈએ સોનાનાં બે કડાં પહેરવાં મોકલાવ્યાં.

રાણીએ હોંશથી સોનાનાં કડાં પહેર્યાં.

શંખ રાજાએ રાણીએ હાથે પહેરેલાં સોનાનાં કડાં જોયા.

રાજાએ વહેમાઇને વિચાર્યું કે કલાવતીને તેના કોઈ પ્રેમીએ સોનાનાં કડાં મોકલ્યાં હશે અને તેણે તે પહેર્યાં હશે. કલાવતી વ્યભિચારિણી હશે તેમ રાજાને લાગ્યું.

સિપાઇને બોલાવી રાજા બોલ્યો, 'કલાવતીને જંગલમાં લઈ જા. પછી તેના કાંડા કાપી નાખજે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સિપાઈ કલાવતીને જંગલમાં લઈ ગયો અને કલાવતીનાં કાંડા કાપી નાખ્યાં. પછી તેને જંગલમાં જ રહેવા દઇ સિપાઇ જતો રહ્યો.

કલાવતી સતી સ્ત્રી હતી. તેણે પ્રભુને યાદ કર્યાં અને નવકાર મંત્રના જાપ કર્યાં. સતીના સતને પ્રભાવે કલાવતીના કાંડા પાછા આવ્યાં.

કલાવતીના હાથો તે પરણી તે દિવસે જેવા હતા તેવા જ થઇ ગયા. હવે કલાવતીના હાથો પર રત્નજડિત બંગડીઓ પણ હતી.

કલાવતીના ભાઇ શંખ રાજાના મહેલે બહેનની ખબર પૂછવા ગયો. મહેલમાં બહેન જ ન મળે. કલાવતીનો ભાઇ બોલ્યો : 'મેં સોનાનાં બે કડાં મારી બેનને મોકલેલાં, તે કડાં કલાવતી પહેરે છે કે નહિ ?'

ત્યારે.... જવાબ દેવાને બદલે શંખ રાજા રોવા લાગ્યો. શંખ રાજા બોલ્યો : 'ભાઇ, મને માફ કર. મેં કલાવતીને જંગલમાં મોકલાવી છે અને મારા હુકમથી સૈનિકે કલાવતીનાં કાંઠા કાપી નાખ્યાં છે. મેં કલાવતીને વ્યભિચારિણી માની હતી અને સોનાનાં કડાં કોઈ તેના પ્રેમીએ મોકલ્યા હશે તેમ હું માનતો હતો. હવે શું થાય! તે સતી સ્ત્રી પાછળ હું પણ મરી જઈશ. હવે કલાવતીનો વિરહ હું સહન નહિ કરી શકું.

કલાવતીનો ભાઈ બોલ્યો, 'મરવું હશે તો પછી પણ મરાશે. ચાલો જંગલમાં જઇએ. કલાવતીની તપાસ કરીએ.'

બંને જણ કલાવતીની તપાસ કરવા જાય છે. ત્યારે કલાવતી પ્રભુનું ધ્યાન ધરતી જંગલમાં ઝાડ આગળ બેઠેલી હોય છે.

શંખ રાજાએ કલાવતીની માફી માંગી. કલાવતીનાં કાંડા પાછાં આવેલાં જોઇ રાજાને હરખ થાય છે. શંખ રાજા સતીને નમે છે.

સતીને કરેલ અપરાધની શિક્ષા માટે શંખ રાજા પોતે મરવા તૈયાર થાય છે.

એક સાધુ મહારાજે શંખરાજાને કહ્યું કે આપઘાત કરવાથી કલ્યાણ સાધી ન શકાય. માટે તમે સાધુ બની જાઓ.

પછી શંખરાજાએ અને સતી કલાવતીએ દિક્ષા લીધી.

જ્ઞાનનો દીપક પ્રગટાવશો તો
હતાશાનો અંધકાર હટીને દિવાળી પ્રગટી રહેશે.



દરેક પ્રકારના...
સ્ટીલ તથા વુડન ફર્નીચર માટે
મહાલક્ષ્મી સ્ટીલ કોર્પોરેશન
શો રૂમ :— ગોળ બજાર ▭ ભાવનગર ▭ ફોન નં. 4525



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શાપરીઆ

: બનાવનારા :

* બાર્જીસ
* લાઇફ બોટસ
* ટગ્ઝ
* ડ્રેજર્સ
* પોન્ટુન્સ
* મુરીંગ બોયઝ
* બોયન્ટ એપરેટસ

વિગેરે ......................

શીપ

બીલ્ડર્સ

અને

એન્જીનીયર્સ

: બનાવનારા :

* રોલીંગ શટર્સ
* ફાયરપ્રુફ ડોર્સ
* રોડ રોલર્સ
* વ્હીલ બેરોઝ
* રેફ્યુઝ હેન્ડ કાર્ટસ
* પેલ ફેન્સીંગ
* સ્ટીલ ટેન્કસ

વિગેરે ......................

# શાપરીઆ ડોક એન્ડ સ્ટીલ કું.

## પ્રાઇવેટ લીમીટેડ

ચેરમેન : **શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ**

મેનેજીંગ ડીરેક્ટર : **શ્રી અમૃતલાલ ભાણજીભાઇ શાપરીઆ**

રજીસ્ટર્ડ ઓફિસ અને શીપયાર્ડ
શીવરી ફોર્ટ રોડ,
મુંબઈ–૧૫ (ડી. ડી.)
ફોન : ૪૪૮૩૬૧, ૪૪૮૩૬૨, ૪૩૩૧૩૩
ગ્રામ : 'શાપરીઆ' શીવરી–મુંબઈ

એન્જીનીયરીંગ વર્કસ અને ઓફિસ
પરેલ રોડ, ક્રોસ લેન,
મુંબઈ–૧૨ (ડી. ડી.)
ફોન : ૩૯૫૦૬૭, ૩૭૪૮૯૩
ગ્રામ : 'શાપરીઆ' પરેલ–મુંબઈ




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અજ્ઞાત શક્તિઓ અને માનવજીવન

લેખક : રજનીકાન્ત મોદી

પ્રત્યેક માણુસના જીવનમાં એવા પ્રસંગો તો કોઈને કોઈ વાર આવ્યા જ હોય છે કે જ્યારે પોતાની સામાન્ય શક્તિઓ ઉપરાંતની કોઈ અજાણી શક્તિઓ પણ કામ કરતી હોય એમ તેને જણાય છે. માણસ પોતાના સામાન્ય જીવનમાં પોતાની ઈન્દ્રિય શક્તિઓનો અને બુદ્ધિ શક્તિઓનો હંમેશ ઉપયોગ કરતો હોય છે અને એ બધી શક્તિઓ વડે જીવનની સારી-નરસી પરિસ્થિતિઓમાંથી પસાર થતો હોય છે એવા રોજિંદા જીવનમાં તો ઘણુંખરૂં કોઈ મનુષ્યથી જુદી અથવા પર રહેલી શક્તિઓ કાર્ય કરતી હોય એવું એને લાગતું નથી. જાણે કે પોતે જ અને પોતાની સામાન્ય શક્તિઓ વડે જે બધું કામ કરતો હોય એમ જ એ સમજતો હોય છે. પરંતુ કોઈ ખાસ પ્રસંગો ઊભા થાય છે ત્યારે જ તેની આ કલ્પના અથવા સમજણ કેટલી ખામીભરી હતી તેનું એને ભાન થાય છે. કોઇ અતિમુશ્કેલ પ્રશ્ન અથવા કોયડો એની સમક્ષ આવી પડે છે ત્યારે એનું મન મૂંઝાય છે અને બુદ્ધિને કશો માર્ગ સૂઝતો નથી. જો એ મનુષ્ય શ્રદ્ધાળુ હોય તો આવી પરિસ્થિતિમાં એ પોતાના ઇષ્ટદેવની અથવા ભગવાનની સહાય પ્રાર્થે છે. કેટલીક વખત આવા મુશ્કેલ પ્રશ્નોનું નિરાકરણ રાત્રે સ્વપ્નમાં થઈ જાય છે અથવા તો જાગતાં હોઇએ ત્યારે પણ કોઈ ઓચિંતી સ્ફુરણા વડે થઈ જાય છે. ઘણી વખત જ્યારે આપણા મનમાં એવો પ્રશ્ન ઊભો થાય કે આ કરૂં કે તે કરૂં અને આપણી મતિ ન ચાલતી હોય ત્યારે એનો નિર્ણય આપમેળે જ, જાણે કે અંદરથી કોઈ કહેતું હોય તેમ આવી જાય છે. અને આવાં નિરાકરણો કંઈ હંમેશ માત્ર અત્યંત અસાધારણ પ્રશ્નો કે મુશ્કેલીઓની બાબતમાં જ થાય છે એવું નથી, જીવનની તદ્દન સામાન્ય ઘટનાઓમાં પણ આવું બને છે. આવા નિર્ણયો અથવા ઉકેલો શાના વડે પ્રાપ્ત થાય છે તે વિષે સાધારણ માણુસ કશું જાણતો નથી. માત્ર, જ્યારે એવી રીતે સ્ફુરેલા ઉકેલોને એ અનુસરે છે ત્યારે તેના પરિણામો પોતાની ઇચ્છા અનુસારનાં આવતાં હોઈ એને ખુશાલી ઉપજે છે.

વળી કેટલાક માણસોને એવું લાગ્યા કરતું હોય છે કે જાણે કોઈ અજ્ઞાત શક્તિ અથવા અદૃશ્ય વ્યક્તિ હંમેશ તેનું રક્ષણ કરે છે અને ખાસ કરીને વિકટ પ્રસંગોમાં તેને દોરવણી આપે છે. એ કંઇ શક્તિ અથવા વ્યક્તિ છે તેની તેમને ઘણે ભાગે ખબર હોતી નથી, પણ એ તેમનું ભલું ઇચ્છનારી છે અને સહાયક છે એટલું તો તેઓ જાણે છે. ઘણા માણસો તો માત્ર એમ જ કહે છે કે 'ભગવાને મને સહાય કરી, અથવા 'ઈશ્વરે જ મને આ મુશ્કેલીમાંથી બચાવ્યો.' કારણ કે આવી રીતે સહાય આપનારી કોઇ શક્તિ કે વ્યક્તિ છે એમ તેઓ જાણતા હોતા નથી. સામાન્ય ઇંદ્રિયજ્ઞાન કે બુદ્ધિથી જે ન સમજાય એવું હોય તે બધું જ તેઓ ભગવાન પર આરોપિત કરી દેતા હોય છે.

કેટલાક માણસોના જીવનમાં તો આવી અલૌકિક સહાય એટલી વારંવાર થતી હોય છે કે તેમને એવી સહાય પ્રત્યે અમુક પ્રકારનો વિશ્વાસ બેસી જાય છે અને એ વિશ્વાસ પર આધાર રાખી તેઓ ખાતરીપૂર્વક પોતાનાં કાર્યોમાં આગળ ધપ્યે જાય છે : 'હિમતે મર્દા તો મદદે ખુદા' એજ તેમનું જીવનસૂત્ર બની જાય છે.

ત્યારે આ શું ભગવાન પોતે જ સહાય કરે છે? કે પછી એવી કોઇ શક્તિઓ કે વ્યક્તિઓ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આપણી નિકટ રહેલી હોય છે કે જેઓ આવી રીતે આપણા જીવનમાં આટલી બધી અસર નિપજાવતી હોવા છતાં આપણને અગોચર અથવા અજ્ઞાત રહેતી હોય છે? કે પછી આપણી પોતાની અંદર જ ખૂબ ખૂબ ઊંડાણમાં પડેલી અને હજી સુધી અજાણ એવી કોઈ શક્તિ કે ચેતના કે પ્રજ્ઞા જ આવી રીતે કામ કરી રહેલી હોય છે?

વસ્તુતઃ આ ત્રણે વિકલ્પો સાચા છે. પ્રત્યેક વ્યક્તિનું જીવન તે વ્યક્તિ જાણતી હોય કે નહિ, તો પણ ભગવાન જ ચલાવી રહ્યો છે અને વ્યક્તિને ક્રમે ક્રમે ઊંચે ને ઊંચે લઈ જવા પ્રયાસ કરતો હોય છે. પોતાની અભાન અવસ્થાને કારણે જ્યારે વ્યક્તિ પોતાના સામાન્ય જીવનના નાના શા વર્તુલમાં ગુંથાઇ જાય છે અને એ નાના વર્તુલને જ માત્ર પોતાનું ક્ષેત્ર માનતી બને છે ત્યારે તેની આંખો ખોલવા માટે અને તેના ઊર્ધ્વ માર્ગમાં તેને આગળ ધપાવવા માટે ભગવાન આવા ઉપાયો યોજે છે.

વળી, આપણી પોતાની અંદર પણ અનેક પ્રકારની શક્તિઓ છૂપાઇને પડેલી છે અને તે બધી પણ આપણી ચેતનાને પોતાની તરફ ખેંચવા પ્રયાસ કરતી હોય છે. જે વસ્તુઓ આપણી બાહ્ય ચેતના સમજતી અથવા જાણતી નથી હોતી તે બધીને આપણી અંદરના ઊંડાણમાં રહેલી આ અજ્ઞાત શક્તિઓ જાણે છે. એ શક્તિઓ આપણી સપાટી પરની ચેતના પ્રત્યે પ્રેરણાઓ અને સ્ફુરણાઓને મોકલે છે અને એ દ્વારા કઠણ પ્રસંગોમાં આપણને માર્ગસૂચન કરાવે છે. એજ શક્તિઓ આપણને ઘણી વખત આપત્તિઓની આગાહીઓ કરાવે છે અને એમાંથી ઉગારે પણ છે.

આપણી આ અંદરની શક્તિઓ ઉપરાંત બહારના જગતમાં પણ એવી અનેક શક્તિઓ અને વ્યક્તિઓ રહેલી છે અને તેઓ પણ આપણા જીવનમાં હંમેશ ભાગ ભજવતી જ હોય છે. માત્ર તેમને સ્થૂલ દેહ કે રૂપ ન હોવાને કારણે અથવા સ્થૂલ દેહથી રહિત બનેલી હોવાને કારણે આપણને તેઓ નજરે દેખાતી નથી. આ બહારની શક્તિઓ અને વ્યક્તિઓનો આપણી અંદર અજ્ઞાત રહેલી શક્તિઓ સાથે સીધો સંબંધ છે અને બેનો પરસ્પરનો આપલેનો વ્યવહાર સતત ચાલ્યા કરતો હોય છે. આપણે જે જગતને નજરે જોઇએ છીએ તે ઉપરાંત બીજા અનેક સૂક્ષ્મ અદૃશ્ય જગતો આપણી આસપાસ રહેલાં છે અને આપણા દૃશ્યજગતની સાથે સંકળાયેલાં તેમ જ ઓતપ્રોત બનેલાં છે. માનવની ચેતના હજી એટલી બધી વિકાસ પામી નથી કે જેથી તેને સામાન્યતઃ આ બધાં સૂક્ષ્મ જગતોનું ભાન થઈ શકે; પરંતુ કોઈ અસાધારણ સંજોગોમાં આપણી અંદર રહેલી શક્તિઓ સક્રિય બની જતાં આવા જગતોનું ઝલપઝલપ દર્શન શકય બની જાય છે અને તેવે સમયે આપણને એવાં જગતોની હયાતીની ખાતરી થઇ જાય છે. આ બધાંનું વિસ્તૃત અને સ્પષ્ટ જ્ઞાન અત્યારે તો માત્ર યોગ દ્વારા જ શકય છે. જ્યારે સમસ્ત માનવજાતિનો વિકાસ અત્યારે છે તેનાં કરતાં વધુ આગળ વધ્યો હશે અને મનુષ્ય અંતર્મુખ બની પોતાની અંદરનાં ઊંડાણોને વધુ સમજતો થયો હશે ત્યારે આ જગતોને અને તેમની શક્તિઓ તેમ જ વ્યક્તિઓને આપણા દૃશ્ય જગતની જેમ જ, બલકે એથી પણ વધારે ખાતરીપૂર્વક જાણતો અને જોતો થયો હશે.

દુનિયાના દરેક દેશમાં અને દરેક કાળમાં આ અજ્ઞાત શક્તિઓ અને વ્યક્તિઓની માન્યતા પ્રચલિત હતી અને છે. આપણા દેશમાં પણ પ્રાચીનમાં પ્રાચીન સમયમાં,–છેક વેદના સમયમાં,–પણ આ જગતોનું જ્ઞાન હતું અને એ જ્ઞાન આજના દિવસ સુધી અખંડિતપણે આપણા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લોકોમાં ચાલ્યું આવ્યું છે. વેદોમાં પણ ભૂત, પ્રેત વગેરે અવર યોનિઓ, અને યક્ષ, ગંધર્વ, અપ્સરા, દેવ વગેરે ઊંચી યોનિઓનાં વર્ણનો મળે છે. આ સર્વ યોનિઓ આપણે ઉપર કહ્યાં તે અદશ્ય જગતોની નિવાસીઓ છે. એ સર્વે જગતોનું દબાણ આપણા ઉપર સદાય હોય જ છે અને અન્ન, પાન, હવા, બહારનું વાતાવરણ, અન્ય માનવો, પ્રાણીઓ, વનસ્પતિઓ વગેરેના જેટલી જ અસર તેઓ આપણા ઉપર નિપજાવતાં હોય છે અને આપણાં જીવન તેમ જ મન તેમ જ ચેતનાને ઘડતાં હોય છે. મનુષ્ય માત્ર સ્થૂલ જગતની અસરોથી જ નથી ઘડાતો, પણ એથીયે વિશેષ આ સૂક્ષ્મ જગતોની અસરોથી ઘડાય છે અને ક્ષણેક્ષણ ઘડાતો જાય છે.

આ ઉપરાંત આપણા દશ્ય જગતનાં માનવો, પ્રાણીઓ, વનસ્પતિઓ અને પદાર્થો તેમ જ સ્થળોની અંદરથી પણ પ્રત્યેકમાંથી પોતપોતાનું કોઈ વિશિષ્ટ સૂક્ષ્મ તત્ત્વ હંમેશ બહાર ચોપાસ પ્રસરતું હોય છે અને તેની અસર પણ એના વાતાવરણના વર્તુલમાં આવનારાની ઉપર જાણ્યે અજાણ્યે થાય છે. અમુક માણસોને અમુક સ્થળ તરફ અથવા અમુક વ્યક્તિ તરફ અથવા અમુક પ્રાણી કે પદાર્થ તરફ જે અકારણ આકર્ષણ અથવા અકારણ અણગમો થાય છે તેનું ઘણીવાર આ પણ કારણ હોય છે. દેવમંદિરો, તીર્થો, વગેરે પવિત્ર ધામોમાં આપણને જે અદ્ભુત શાંતિ અને આનંદ અને અલૌકિકતાનો અનુભવ થાય છે તે પણ તે સ્થાનમાંથી પ્રસરતા આવા સૂક્ષ્મ તત્ત્વવડે ઘડાયેલા સૂક્ષ્મ વાતાવરણને લીધે થાય છે. જેમની સૂક્ષ્મ દૃષ્ટિ ખૂલી હોય છે તેમનાથી એ જોઈ શકાય છે. જ્યારે બીજા મનુષ્યો માત્ર તેને કોઈ અંદરની સંવેદનાથી જ અનુભવી શકે છે અને છેક જ અગ્રહણશીલ મનુષ્યને તો એટલો અનુભવ પણ થતો નથી.

વળી દરેક સ્થાન, વન, ગામ, નગર અને રાષ્ટ્રની અધિષ્ઠાત્રી દેવતા પણ હોય છે અને તેનું કાર્ય પોતાના અધિષ્ઠિત પ્રદેશમાંના પ્રાણી, વનસ્પતિ વગેરેનું ધ્યાન રાખવાનું હોય છે. આપણા પ્રાચીન તેમ જ અર્વાચીન વાઙ્મયમાં વનદેવતા, ગ્રામદેવતા, ક્ષેત્રપાળ વગેરેના અનેક ઉલ્લેખો આવે છે. એ દેવતાઓને તે તે સ્થાનના આત્મા તરીકે ગણી શકાય. આ દેવતાઓ પણ ઘણી વખત મનુષ્યના જીવનમાં અને ચેતનામાં અનેક પ્રકારની સ્ફુરણાઓ અને સૂક્ષ્મ સંસૂચનો કરાવે છે તેમજ ઇષ્ટ અને અનિષ્ટ પ્રસંગોની આગાહીઓ પ્રેરે છે.

આ બધાં ઉપરાંત બીજી પણ એક દિશા છે, જેમાંથી મનુષ્યના જીવનમાં અસરોનો બળવાન પ્રવાહ અવતરે છે અને એ છે જગતનું કલ્યાણ કરવામાં જ રચ્યાપચ્યા રહેતા જીવંત યોગીઓ, મહર્ષિઓ, મહાત્માઓ અને સંતો. એમનાં આધ્યાત્મિક અને યોગશક્તિમય સૂક્ષ્મ આંદોલનો દ્વારા મનુષ્યની અંદરની ચેતના ઉપર અતિ પ્રચંડ અસર થાય છે અને તેની પ્રસુપ્ત પડેલી શક્તિઓ જાગૃત બનતાં અનેક પ્રકારના અનુભવો, અગમચેતીઓ, દર્શનો, સાક્ષાત્કારો શક્ય બને છે.

*

ઉપર અત્યંત ટૂંકમાં વર્ણવી તે બધીય જાતની સૂક્ષ્મ, અજ્ઞાત અને અદશ્ય શક્તિઓનો એક ખૂબ મોટો પિંડ બને છે. દરેક માનવ એ મોટા શક્તિપિંડ અથવા શક્તિ-સમૂહથી સંપૂર્ણ રીતે બહાર અને અંદર વીંટળાયેલો અને ઓતપ્રોત છે. માત્ર એની સપાટી પરની ચેતના એના પ્રત્યે ગ્રહણશીલ ( receptive ) નથી એટલે એને જાણતી નથી. બહારથી અને અંદરથી એ શક્તિઓનું દબાણ તો સપાટી પરની ચેતના પર એકસરખું ચાલુ જ હોય છે પણ એ ચેતના અન્ય વ્યવસાયોમાં ગુંથાયેલી હોય ત્યારે અને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ત્યાં સુધી એના ઉપર એ ભાનપૂર્વકની અસર જન્માવી શકતું નથી. જ્યારે જ્યારે પણ એને જરા જેટલોયે મોકો મળી જાય છે ત્યારે ત્યારે એ દબાણ એ સપાટીપરની ચેતના ઉપર પોતાની છાપ પાડવા સમર્થ થાય છે. ખાસ કરીને ઊંઘ દરમ્યાન અથવા સપાટી પરની ચેતનાની ટૂંકા કે લાંબા સમયની મૂર્છિત કે ગાફેલ અવસ્થા દરમ્યાન એ દબાણને એવો મોકો સાંપડે છે. આથી જ સ્વપ્નો દ્વારા અથવા તંદ્રાવસ્થાની કોઈ ઝાંખીઓ દ્વારા ઘણા મોટા ભાગનાં સૂચનો અને આગાહીઓ થવા પામે છે. આ આપણી સપાટી પરની ચેતનાની નક્કર દીવાલને ભેદવા માટે એ અવસ્થાઓ જ વધુ યોગ્ય સમય છે, કારણ કે આપણી જાગૃત અવસ્થામાં તો આપણે આપણા જીવનના કાર્યોમાં એટલાં તો મશગૂલ બની ગયેલાં હોઇએ છીએ કે બીજી કશી અસરોને તેમાં પ્રવેશવાનું અથવા તેને ભેદવાનું અશક્ય નહિ તો યે ખૂબ મુશ્કેલ બની જાય છે.

પરંતુ આનો અર્થ કંઈ એમ નથી થતો કે જાગૃત અવસ્થા દરમ્યાન એ અદૃશ્ય શક્તિઓની અસર થઈ જ ન શકે, પણ માત્ર એ જ થાય છે કે સામાન્ય માણસને એ શક્તિઓનું જાગૃતમાં ભાન થવાના અવસરો જીવન દરમ્યાન ઘણા થોડા આવે છે. કેટલીક એવી વ્યક્તિઓ હોય છે કે જેમના જીવનમાં આ શક્તિઓ સહજ જ વિકસેલી હોય છે, તો બીજી કેટલીકમાં એમનો વિકાસ રહસ્યવિદ્યા (occultism) કે યોગના અભ્યાસ વડે થયેલો હોય છે. પરંતુ સ્વપ્નો તો આખી માનવજાતિને માટે સામાન્ય છે. સ્વપ્નો સાચા પડવાની વાત તો ઘણા માણસોએ અનુભવી હશે. પોતા પર કે પોતાના કોઈ સ્નેહીસંબંધી પર ભાવિમાં આવી પડવાની આપત્તિની સ્વપ્નમાં થતી અગમચેતી ઘણાને થઇ હશે. તે ઉપરાંત શુભ પ્રસંગોની આગાહી પણ એ રીતે સ્વપ્નો દ્વારા ઘણાને થઇ હશે.

આ ઉપરાંત આપણા આંતરમનમાં બીજી પણ કેટલીક શક્તિઓ છુપાઇને પડેલી છે અને અમુક સંજોગોમાં તે સક્રિય બની જાય છે. એમાંની બે મુખ્ય પ્રકારની શક્તિઓને અંગ્રેજીમાં ટેલિપથી અને કલેરવોયન્સ કહેવાય છે. ટેલિપથી વડે કોઈ પણ ઇંદ્રિયના ઉપયોગ વિના સીધેસીધી એકના મનના વિચારોની છાપ બીજાના મન પર પડે છે. ઘણી વખત એવું બને છે કે કશા પણ બહારના દેખીતા કારણ વિના પણ એક કે વધુ વ્યક્તિઓને એકસરખા જ વિચારો એકી સાથે આવે છે. તો ઘણી વખત એવું પણ બને છે કે આપણને અમુક બાબતનો કે અમુક વ્યક્તિનો વિચાર સહજ જ આવે અને પછી થોડા જ સમયમાં એ બાબત અથવા એ વ્યક્તિ આપણી સમક્ષ આવીને ઊભી રહે. તો કોઈ વખત એવું પણ બને કે આપણાથી દૂર રહેલી કોઈ વ્યક્તિ આપણને સંભારતી હોય તે જ વખતે આપણે પણ એને સંભારતા હોઈએ. આપણામાં એક સામાન્ય માન્યતા પ્રચલિત છે કે જો આપણે રસ્તે ચાલતાં હોઇએ ત્યારે ઠોકર વાગે તો આપણને કોઈ સંભારતું હોવું જોઇએ. આ માન્યતાની પાછળ આ ટેલિપથીનું સત્ય રહેલું છે. ઠોકર વાગવાનું કારણ એ છે કે આપણા આંતરમન પર આપણને સંભારનારી વ્યક્તિના વિચારની છાપ ટેલિપથી દ્વારા પડેલી હોય છે અને એ આંતરમન એ છાપને કોઈ જુદા જ તરંગમાં રહેલા આપણા બાહ્ય મન પર ઉતારવા પ્રયત્ન કરતું હોય છે, અને એ રીતે આપણું બાહ્ય મન એક બાજુ પોતાના તરંગના ખેંચાણ વડે અને બીજી બાજુ આંતર ખેંચાણ વડે જાણ્યે-અજાણ્યે ક્ષણભર ગૂંચવણમાં પડી જાય છે, અને તેને લીધે આપણી ચાલવાની ક્રિયા જે લગભગ સ્વયંપ્રવર્તિત હોય છે તેની અંદર વિક્ષેપ ઊભો થાય છે અને પગલું પડવું જોઇએ તેના કરતાં જરા વધારે લાંબુંટૂંકું થઈ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જાય છે અને તેથી આપણને ઠોકર લાગે છે. આવા અથવા બીજી કોઇ જાતના ટેલિપથીના સ્પષ્ટ કે અસ્પષ્ટ અનુભવો લગભગ દરેકને થોડા તો થાય જ છે. સામાના મનના વિચારો સંપૂર્ણપણે કે સ્પષ્ટપણે જાણવા માટે તો વિચાર-વાંચન (Thought-reading)ની શક્તિનો વિકાસ થયેલો હોવો આવશ્યક છે. એ પણ ટેલિપથીના જેવા જ પ્રકારની શક્તિ છે.

બીજી અજ્ઞાત શક્તિ છે કલેરવોયન્સની. આને આપણે અતિન્દ્રિય દૃષ્ટિ કહી શકીએ. જે વસ્તુ આપણી આંખ સમક્ષ ન હોય તે જોવાની એ શક્તિ છે. આ શક્તિ પણ આપણા દરેકમાં ઊંડાણમાં પડેલી છે. મહાભારતનું યુદ્ધ સંજયે દૂર બેઠા બેઠા આખું જોયું તે આવી જ દૃષ્ટિવડે જોયું હશે. કેટલાક લોકોને પોતાની આંખ સામે કોઇની મુખ-પ્રતિમા કે સુંદર કુદરતી દશ્યો કે રંગીન વાદળો આપમેળે સ્ફુરે છે. તે વખતે તેમની સામે આવું કોઈ સ્થૂલ દશ્ય હોતું નથી, તે છતાં પણ એમાં દશ્યો દેખાય છે. અને આ દશ્યો તેમની આંખ ખુલ્લી હોય કે બંધ, તો પણ કેટલોક સમય દેખાયા કરે છે. બીજા કેટલાક લોકોને સેંકડો માઇલ દૂર બનતા બનાવો જાણે કે પોતાની નજર સામે બનતા હોય તેમજ દેખાય છે. તો બીજા કેટલાકને અનેક વર્ષો પૂર્વે બની ગયેલા બનાવો જાણે તેમની પોતાની સમક્ષ હમણાં જ બનતા હોય તેમ દેખાય છે. માત્ર ભૂતકાળના જ નહિ પણ ઘણી વખત તો ભાવિમાં બનનારા બનાવો પણ એ રીતે દેખાય છે. આવી અતિન્દ્રિય દૃષ્ટિનાં હજારો ઉદાહરણો નોંધાયેલાં છે અને ન નોંધાયેલાં તો લાખો હશે. તેમાંના કેટલાક તો અતિશય રસમય છે. આપણે એક-બે અહીં જોઇએ.

પહેલું ઉદાહરણ આમ છે: "છ કે સાત વર્ષ પર કેલિફોર્નિયા( અમેરિકા )ના કેપ્ટન થોન્ટ નામના માણસને ભર શિયાળાની એક રાતે સ્વપ્ન આવ્યું અને તેમાં તેણે હિમાચ્છાદિત પર્વતો વચ્ચે પુરાઈ ગયેલો કેટલાક માણસનો એક સમૂહ જોયો. તેઓ ઠંડી અને ભૂખવડે ઝડપથી ખતમ થતા હતા. આખું ય દશ્ય તેણે ઝીણવટથી ધ્યાનમાં રાખ્યું. એક સફેદ મોટું શિખર બરાબર છાતીસરસું દેખાતું હતું; બરફની ઊંડી ખાઇઓમાં ઝાડની ટોચો જેવા દેખાતા કશાકને તે માણસો કાપી રહ્યા હતા; તેણે દરેક માણસના ચહેરા બરાબર નિહાળ્યા અને તેમની વિટંબણાની તેના ઉપર બહુ અસર થઈ.

તે જાગ્યો ત્યારે તેના સ્વપ્નની સ્પષ્ટતા અને ખરાપણાની તેના પર ઊંડી છાપ પડેલી હતી. તે પાછો સૂઇ ગયો અને બરાબર એનું એ જ સ્વપ્ન ફરીથી તેને દેખાયું. સવારે એ વાત તેના મનમાંથી ખસી શકી નહિ થોડા સમય બાદ તેનો એક શિકારી મિત્ર તેને મળવા આવ્યો ત્યારે એ વાત તેને જણાવી અને સ્વપ્નમાં જોયેલા સ્થાનને મળતું જ સ્થાન અસ્તિત્વમાં હોવાનું તે મિત્રે તેને જણાવતાં તેની છાપ એથી પણ વધુ ઊંડી થઇ. મિત્રે જણાવ્યું કે કાર્સનની ખીણના ઘાટમાંથી સીએરા તરફ આવતાં તે ઘાટમાં એણે બરાબર એવું જ એક સ્થાન જોયું હતું.

આ ઉપરથી તેનો નિશ્ચય એકદમ દૃઢ બની ગયો. તેણે તરત જ થોડા માણસો તેમજ ખચ્ચરો અને ધાબળા અને બીજી જરૂરી વસ્તુઓ ભેગી કરી. તેના પડોશીઓ તો બધા એની શ્રદ્ધા ઉપર હસવા લાગ્યા. તેણે કહ્યું: 'કંઈ વાંધો નહિ. હું આમ કરીશ જ, કેમકે હું તો સ્વપ્નામાં જોયેલી વાતને તદ્દન સાચી જ માનું છું.' એ સીધો જ હોઢસો માઈલ દૂર આવેલા કાર્સનની ખીણના ઘાટ પાસે ગયો. ત્યાં બરાબર સ્વપ્નામાં દેખાયા હતા તે જ હાલતમાં રહેલા માણસોને તેમણે જોયા. જીવતા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રહેલા બાકીના માણસોને બચાવી લઇને તેઓ પોતાને ગામ પાછા ફર્યા.”

બીજું ઉદાહરણ આમ છે: “નવમી સપ્ટેમ્બર ૧૮૪૮ ને દિવસે મુલતાનના ઘેરામાં મેજર જનરલ R–બહુ જ સખત અને ગંભીર રીતે ઘવાયો; અને પોતે મરી જશે એમ ધારીને તેની સાથે રહેલા એક લશ્કરી અમલદારને પોતાની આંગળી પરની વીંટી કાઢી લેવા અને ત્યાંથી લગભગ ૧૫૦ માઈલ પર ફિરોઝપુરમાં રહેતી પોતાની પત્નીને મોકલી આપવા તેણે કહ્યું.

‘નવમી સપ્ટેમ્બરની રાતે’ તેની પત્ની લખે છે, ‘હું મારી પથારીમાં પડી હતી અને અડધી જાગતી અને અડધી ઊંઘતી હતી. તે વખતે મેં મારા પતિને રણમેદાન પરથી ઘવાયેલો ઊંચકીને લઈ જવાતો સ્પષ્ટ જોયો, અને મેં તેનો અવાજ સાંભળ્યો, “આ વીંટી મારી આંગળી પરથી કાઢી લો અને મારી પત્નીને મોકલી આપો.” બીજો આખો દિવસ એ દૃશ્ય અને એ અવાજ મારા મનમાંથી ખસ્યાં નહિ.

‘થોડા સમય પછી જ મને ખબર પડી કે જનરલ R–મુલતાનના ઘેરામાં બહુ જ ગંભીરપણે ઘવાયો છે, પણ તે બચી ગયો છે અને હજી જીવે છે. ઘેરા પછી થોડા સમય રહીને જનરલ L–કે જેણે મારા પતિને રણક્ષેત્ર પરથી ખસેડવામાં મદદ કરી હતી, તેના તરફથી ખબર મળી કે જે વખતે મેં ફિરોઝપુરમાં વીંટી કાઢી લેવાની વિનંતી સાંભળી હતી તે જ વખતે બરાબર મારા પતિએ એ વિનંતી કરી હતી.”

અતીંદ્રિય દૃષ્ટિ ઉપરાંત આની અંદર અતીંદ્રિયશ્રવણની (કલેરઓડિયન્સની) શક્તિ પણ સ્પષ્ટ જણાઇ આવે છે.

ટેલિપથી અને કલેરવોયન્સ ઉપરાંત બીજી અનેક શક્તિઓ દરેક મનુષ્યમાં પ્રસુપ્ત પડેલી અને તે કોઇ કોઈ વખત જાગૃત થઈ જાય છે.

મનુષ્યની સામાન્ય અથવા જ્ઞાત શક્તિઓના જેટલી જ કે તેથી પણ વધુ બળવાન અસર માનવજીવન પર આ અજ્ઞાત શક્તિઓની થતી હોય છે અહીં એક વસ્તુ પરત્વે ધ્યાન ખેંચવું જરૂરી છે કે આ બધી શક્તિઓ કંઇ હંમેશ મનુષ્યના લાભમાં કામ કરે છે એવું નથી. એમાંની કેટલી શક્તિઓ મનુષ્યનું હિત ચાહે છે, કેટલીક તેના પ્રત્યે ઉદાસીનતા સેવે છે અને કેટલીક વાર તો તેની શત્રુ સમાન પણ છે. તેઓ ગમે તેવી હો પણ તેમની ભેગી અસર મનુષ્યના જીવનમાં ખૂબ જ મોટી છે.





For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જ્ઞાનાવરણીયાદિ કર્મોને બાંધનારો કોણ ?

લેખક : પં. પૂર્ણાનંદવિજયજી (કુમાર શ્રમણ)

ભગવતીસૂત્રના છઠ્ઠા શતકમાં ત્રીજા ઉદ્દેશાનો આ પ્રશ્ન છે કેઃ—

હે ભગવન્ ! જ્ઞાનાવરણીયાદિ સાત કે આઠ કર્મો તે શું ?

પુરૂષ કે નોપુરૂષ બાંધે ?

સ્ત્રી કે નોસ્ત્રી બાંધે ?

નપુંસક કે નોનપુંસક બાંધે ?

જવાબમાં ભગવંતે કહ્યું કે હે ગૌતમ ! આ સાતે કર્મો પુરૂષ–સ્ત્રી અને નપુંસક નિયમા બાંધે છે, અને નોપુરૂષ, નોસ્ત્રી, નોનપુંસક કદાચ બાંધે છે, અને કદાચ નથી બાંધતા.

વર્ષાઋતુમાં ઘોડાપુર આવેલી નદીઓના વહેણુ બે પ્રકારના જોવાય છે.

તેમાંથી એકનું વહેણુ એવું તોફાની હોય છે કે, જે જે ગામોના ભાગોળથી પસાર થાય છે, તે તે ગામોના ઝાડોને, ભેખડોને તોડતું, ફોડતું અને ઉખેડતું પસાર થાય છે.

જ્યારે બીજી નદી શાંત–ગંભીર તથા કોઇને પણ હાનિ કર્યા વિના ઉલટા પોતાના પાણીથી સૌને પવિત્ર કરતી વહે છે.

એ જ પ્રમાણે જ્ઞાનમાત્રા અને તેના માલિકો પણ બે પ્રકારના હોય છે, જે મિથ્યાજ્ઞાન તથા સમ્યગ્જ્ઞાનથી ઓળખાય છે.

મિથ્યાજ્ઞાનધારી પુરૂષ પંડિત, મહાપંડિત, વિદ્વાન્, વક્તા, કવિ, લેખક તથા ગાયક પણ હોઈ શકે છે. પરંતુ તેમના જ્ઞાનમાં, સમજુતિમાં અને વિચારમાં મિથ્યાત્વ, સ્વાર્થ, વિષયરાગ અને કષાયોની બહુલતા હોવાથી, તેમનું જ્ઞાન સંસાર–સમાજ–કુટુંબ અને પોતાના વ્યક્તિત્વને પણ અધઃપતનના ગર્તમાં નાખનારૂં હોવાથી, પરિણામે હિંસા, જૂઠ, ચૌર્યકર્મ, મૈથુન અને પરિગ્રહ આ પાંચ મહાપાપોને ભેટ આપનારૂં બને છે, તેથી સમાજને કે દેશને નુકશાન જ થાય છે.

જ્યારે બીજો સમ્યક્ત્વધારી અનાસક્ત આત્મા સ્વયં સમતાશીલ સંસારભીરુ, વિરૂદ્ધ તત્ત્વોનો ત્યાગી, તથા પરમાર્થી હોવાથી સંસારને અને છેવટે પોતાને અહિંસા, સત્ય, અચૌર્ય, શીલ અને સંતોષરૂપી અમૂલ્ય પાંચ રત્નોની ભેટ આપીને સુખ–શાંતિ અને સમાધિને આપનારો બને છે.

મિથ્યાત્વયુક્ત જ્ઞાન ગમે તેટલું હોય પણ સંસારવર્ધક હોવાથી અજ્ઞાન તરીકે જ લેખાય છે અને તેવો અજ્ઞાની આત્મા વારંવાર જ્ઞાનાવરણીયાદિ કર્મોને ઉપ ન કરતો રહે છે. આ જ્ઞાનાવરણીય કર્મ બ ઉપર બાંધેલા પાટા જેવું હોવાથી જીવને પોતાના આત્માનું આત્મીયતાનું અને છેવટે પરમાત્મ તત્ત્વનું યથાર્થ ભાન થવા દેતું નથી. તેવી પરિસ્થિતિમાં આજે આપણે આખા સંસારને પ્રત્યક્ષ જોઈ રહ્યાં છીએ. જેમ કે :—

(૧) સંસ્કૃત જેવી દેવભાષાનો ધારાવાહી વક્તા પણ માંસાહારી અને શરાબપાયી છે, વેશ્યાગામી તથા પરસ્ત્રી લંપટ છે, જુગારી અને શિકારી છે.

(૨) વેદ અને વેદાંતની ઋચાઓ (મંત્રો)નું સ્પષ્ટ ઉચ્ચારણ કરનાર પણ મત્સ્યભોજી તથા શરાબપાન કરનારો છે.

(૩) અંગ્રેજી, ઉર્દૂ અને ફારસી ભાષાવિદો પણ રાજનીતિના પારંગત બની સંસારને સંઘર્ષના ચકાવે ચઢાવી રહ્યાં છે.

(૪) પાલી, પ્રાકૃત અને અર્ધમાગધિ ભાષા વિશારદો પણ પોતાની વ્યક્તિગત કુટેવો કે સમાજઘાતક પ્રવૃત્તિઓને છોડી શકતા નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૫) વિજ્ઞાનીઓ, કૂટનીતિજ્ઞો અને રાજનીતિ નિપુણો એટમબોમ્બ જેવા ભયંકર શસ્ત્રોનું ઉત્પાદન કરી સંસારને મોતના ઘાટે ઉતારવાની પ્રવૃત્તિઓમાં રચ્યા મચ્યા છે.

આ બધાઓમાં અજ્ઞાનનો પ્રત્યક્ષ ચમત્કાર દેખાઇ આવે છે. આ કારણે દિવ્યચક્ષુના માલિક, જગત જીવોનું કલ્યાણ કરનારા ગૌતમસ્વામીએ દેવાધિદેવ ભગવાન મહાવીરસ્વામીને જ્ઞાનાવરણીય કર્મ (અજ્ઞાન)નો બંધક કોણ? આવો પ્રશ્ન પૂછ્યો છે

હવે આ પ્રશ્નનો હાર્દ આપણે પકડીએ તે પહેલાં પુરૂષવેદ અને પુરૂષલિંગ, સ્ત્રીવેદ અને સ્ત્રીલિંગ, તથા નપુંસકવેદ અને નપુંસકલિંગની મીમાંસા કરવી જરૂરી છે.

શૈલેશી પ્રાપ્ત કરી સંપૂર્ણ કર્મોનો નાશ કરીને મોક્ષ અવસ્થા પ્રાપ્ત કર્યા પછી જ આ જીવાત્મા શરીર વિનાનો બનવા પામે છે. તે પહેલા તો પ્રત્યેક આત્માને શરીર ધાર્યા વિના છુટકારો જ નથી. અને શરીરધારી આત્મા કર્મોના ભારથી વજનદાર બનેલો હોવાથી મદિરાના નશા જેવા મોહનીય કર્મની માયામાં મસ્ત બની ભવાંતરને માટે પુરૂષવેદ, સ્ત્રીવેદ કે નપુંસકવેદના કર્મોને ઉપાર્જન કરે છે. તે આ પ્રમાણે :—

પુરૂષવેદ :—

(૧) સમ્યગ્જ્ઞાનની રુચિવાલો થઇને પોતાના આત્માને, મનને તથા ઇન્દ્રિયોને જીતનારો હોય.

(૨) પરસ્રીનો ત્યાગી અને સ્વસ્રી પ્રત્યે સંતોષી હોય.

(૩) પારકાઓ પ્રત્યે ઈર્ષ્યા અને અદેખાઈ વિનાનો હોય.

(૪) કષાયોને મંદ કરવાની પ્રવૃત્તિવાળો હોય.

(૫) અને પોતાના આચાર, વિચાર તથા ઉચ્ચારમાં પોતાની ખાનદાનીને શોભે તેવા આચરણવાલો હોય તથા સર્વત્ર સરળ પરિણામી હોય. આ પાંચ પ્રકારના જીવો પોતાના આવતા ભવને માટે પુરૂષવેદ કર્મને ઉપાર્જન કરી પુરૂષલિંગના શરીરને ધારણ કરે છે. જ્યાં શરીરની કઠોરતા, દાઢીમૂછ તથા મેહન (જનનેન્દ્રિય)નું પોતપોતાના નિયાણા પમાણે દૈર્ઘ્ય અને સ્થૌલ્ય હોય છે. આ પ્રમાણે પુરૂષવેદને ભોગવવા માટે પુરૂષલિંગ એટલે કે પુરૂષવેદને ભોગવવા માટેના અંગોપાંગવાળું શરીર ધારણ કરે છે. જેનાથી સ્ત્રીને ભોગવવાની ઇચ્છા થાય તે પુરૂષવેદ કહેવાય છે.

"पुरुषं वेदयति–मोहयति–मूढीकरोतीति पुरुषवेदः" ઘાસના પુલામાં જેમ અગ્નિને લાગતા વાર લાગતી નથી અને લાગેલી આગને બુઝાતા પણ વાર લાગતી નથી. તે પ્રમાણે પુરૂષને પુરૂષવેદનો નશો ચઢતા પણ વાર લાગતી નથી. તેમ ઉતરતાં પણ વાર લાગતી નથી

સ્રી વેદ :—

(૧) પુરૂષ શરીરધારી હોવા છતાં પણ જે અત્યંત ઇર્ષ્યાળુ હોય, અથવા બીજા ગુણી કે પુણ્યશાલી જીવને જોઇ જેના મનમાં અસહિષ્ણુતા કે અદેખાઈ ભાવ ઉત્પન્ન થાય તેને ઇર્ષ્યાળુ કહેવાય છે.

(૨) પ્રાકૃતિક કે અપ્રાકૃતિક વિષયવાસનાના ભોગવિલાસોમાં જે અત્યંત આસક્ત હોય.

(૩) સ્વાર્થ કે સ્વાર્થ વિના પણ જે મૃષાવાદી હોય.

(૪) મન–વચન અને કાયાના વ્યાપારો કુટિલ હોય.

(૫) સ્વભાવે હઠાગ્રહી અને જીદ્દી હોય.

(૬) પરસ્રીઓ પ્રત્યે ગમન કરવાની ભાવનાવાળો હોય.

આ છ પ્રકારે જીવમાત્ર સ્રીવેદ નામના મોહકર્મને ઉપાર્જન કરી, આવતા ભવને માટે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્ત્રી શરીરધારી બને છે. જેનાથી કોમળ શરીર, મૃદુઅવાજ, મંદગમન, અને સ્ત્રી શરીરના સંપૂર્ણ અંગોપાંગ પ્રાપ્ત થાય છે. સ્ત્રીત્વ પાપ-કર્મના ઉદયે પ્રાપ્ત થાય છે, તેથી તેના અવાચ્ય સ્થાનમાં સ્તનોમાં અને ગાલમાં તીવ્ર, મધ્યમ અને અલ્પશકિતવાળા કીટાણુઓ સ્ત્રીને સ્ત્રીવેદનો ઉદય લાવનારા હોય છે.

છાણમાં આગલાગતાં થોડીવાર લાગે, અને બુઝાતા ઘણીવાર લાગે તેમ સ્ત્રીવેદને ઉદયમાં આવતાં થોડીવાર લાગે છે, અને બુઝાતા ઘણી વાર લાગે છે.

"स्त्रियं वेदयति-मोहयति-मूढीकरोतीति स्त्रीवेद:"

**નપુંસક વેદ :—**

(૧) ચાલુ ભવમાં પુરૂષ કે સ્ત્રી શરીરધારી હોવા છતાં પણ બીજા પુરૂષ કે સ્ત્રી, બાલક કે બાલિકાના શરીર સાથેના ભોગવિલાસોમાં મલિનભાવોને ધારી રાતદિવસ તે બંનેની સાથે વિષયવાસના પૂર્વક તેમના ભોગવિલાસોમાં ભૂંડની જેમ અત્યંત આસક્ત હોય.

(૨) વિના કારણે અથવા નજીવા કારણે જેમના ક્રોધ–માન–માયા તથા લોભરૂપી કષાયો સર્વથા ભડકી જતા હોય.

(૩) ખાતા–પીતા સુતા–ઉઠતા અને ગમે તેની વાર્તાલાપ કરતાં જેમના માનસિક વિચારો કામુકી ભાવનાવાળા હોય.

(૪) સાધ્વી, સતી, કુલીના કે કન્યા આદિ પવિત્ર સ્ત્રીઓને લોભ લાલચ આપીને તથા વાચાલતામાં ફસાવીને તેમના શિયળને લૂંટવાનો પ્રયત્ન કરનાર.

આ ચાર પ્રકારના જીવો, આગામી ભવને માટે નપુંસકવેદને ઉપાર્જન કરનારા હોય છે, અને તેવા નિકૃષ્ટ અને ધૃણાત્મક વેદને ભોગવવા માટે નપુંસકલિંગને ધારણ કરે છે. જેમાં થોડા અંગો પુરૂષના અને થોડા સ્ત્રીના હોવાથી પોતાના મહાપાપ કર્મના ઉદયે નથી પુરૂષને કે નથી સ્ત્રીને ભોગવી શકતા. છતાં પણ ભોગ-વિલાસની અત્યંત ગંદી ભાવનાઓ અને રાત-દિવસ ધૃણાત્મક વિચારો બન્યા રહે છે. ભાંગ કે શરાબ પીધા પછી તેનો તથા અમુક સમય ગયા પછી નશો પોતાના પૂર્ણ સ્વરૂપમાં ચઢે છે પાછો ધીમે ધીમે પીનારને ધીમે ધીમે નશો ચઢે છે ઉતરવા માંડે છે અને છેવટે જીવ પાછો પોતાના મૂળ રૂપમાં આવી જાય છે

તેવી રીતે શરાબપાનના નશાને ચરિતાર્થ કરતો આ પુરૂષવેદ કે સ્ત્રીવેદ કર્મનો નશો પણ પુરૂષના કે સ્ત્રીના શરીરને, અર્થાત્ બાલ્યકાળ વ્યતીત થયા પછી યુવાવસ્થાના પ્રારંભમાં ધીમે ધીમે ચઢવા લાગે છે, અને જ્યારે પુરૂષના કે કે સ્ત્રીના અંગો, પ્રત્યંગો પૂર્ણરૂપે ભોગકર્મને લાયક બની જાય છે ત્યારે વેદકર્મનો નશો પણ પૂર્ણરૂપે ચઢે છે, તે સમયે પુરૂષને સ્ત્રીના શરીરનો અને સ્ત્રીને પુરૂષના શરીરનો સહવાસ કરવો ગમે છે; અને તેમ થતાં જ્યારે બંનેને પોતપોતાના વેદનો નશો પૂર્ણ ચઢશે ત્યારે બંનેના શરીર એકમેક થઇ પોતાની વાસનાને પૂર્ણ કરતા તેમનો નશો પૂર્ણ થશે, એટલે તેટલાજ સમય પૂરતો નશાનો વેગ ઓછો થાય છે.

આ પ્રમાણે પુરૂષવેદનો માલિક સ્ત્રીભોગમાં, અને સ્ત્રીવેદનો માલિક પુરૂષભોગમાં પૂર્ણરૂપે મસ્ત બનીને વારંવાર જ્ઞાનાવરણીયાદિ કર્મોને બાંધનારો થશે.

સારાંશ કે પુરૂષવેદ આદિના ઉદયકાળમાં અથવા ગંદોસહચાર, ગંદું સાહિત્ય, અપવિત્ર-ભાવના, પૂર્વભવીય પાપકર્મોને લઈ જાણી બુઝી વેદ મોહનીય કર્મોની ઉદીર્ણા કરવાનાં કાળમાં જીવમાત્ર જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહ-નીય, વેદનીય, નામ, ગોત્ર અને અંતરાય-કર્મોને બાંધશે. પ્રતિ સમયે બાંધશે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વયના પરિપાકે મનુષ્ય કે સ્ત્રી ચાહે વૃદ્ધ અવસ્થાને પ્રાપ્ત કરે. ગાત્રો બધાએ શિથિલ પડી જાય. ભોગકર્મની શક્તિ ક્ષીણ થઈ જાય; તો પણ વેદના ઉદયનો અભાવ નહી હોવાથી, જીવમાત્રને ભોગવાઈ ગયેલા ભોગોનું સ્મરણ, કામુકીચેષ્ટાઓ, મશ્કરીઓ, આદિના કારણે પણ કર્મોનું બંધન અવશ્યંભાવી છે.

અનુભવીઓ તો ત્યાં સુધી કહે છે કે; "પુરૂષ સ્ત્રીભોગનો કે સ્ત્રી પુરૂષભોગનો ત્યાગ કરી શકે છે. પણ ભોગવાઇ ગયેલી રાત્રીઓનું વિસ્મરણ કરી શકતો નથી.

માનસિક જીવનમાં પુરૂષલિંગ કે સ્ત્રીલિંગ કરતા પણ પુરૂષવેદ અને સ્ત્રીવેદ જે પાપ કર્મોનો જનક છે, અત્યંત દુસ્ત્યાજ્ય છે.

યદ્યપિ પુરૂષવેદ કે સ્ત્રીવેદ કર્મને નોકષાય કહેવાય છે. પરંતુ ધ્યાન રાખવું જોઇએ કે કષાયોને ઉત્પન્ન કરવામાં નોકષાય મુખ્યકારણ રૂપે હોય છે. તેથી જ જ્યાં જ્યાં નોકષાય હોય છે ત્યાં ત્યાં કષાયો પણ અવશ્યમેવ હોય છે. અથવા કષાયોને ભડકાવનાર નોકષાય છે.

આવી સ્થિતિ હોવા છતાં પણ જે ભાગ્યશાળી જીવાત્માઓને ગુરૂકુલવાસ પ્રાપ્ત થયો હોય, તથા પોતાની અદમ્ય મોક્ષ પુરૂષાર્થની શક્તિનો વિકાસ સાધી લીધો હોય. તેવા નરરત્નો, અને સ્ત્રી રત્નો પોતાની સત્તામાં પડેલા વેદકર્મોનો (મોહકર્મ) જ્ઞાનાભ્યાસ, એકાંતવાસ, ધ્યાનપ્રક્રિયા લાંબી અને મોટી તપશ્ચર્યાઓ આદિ સદનુષ્ઠાનો વડે ઉપશમ, એટલે કે ઉદયવર્તી મોહકર્મને દબાવી દેવા માટે સમર્થ બની શકે છે, જેથી અપૂર્વ સમ્યગ્જ્ઞાન વડે આત્માને પુરૂષાર્થી બનાવીને કુકર્મોનો ત્યાગ કરે છે.

સમ્યગ્દર્શનથી પાપની ભાવનાઓનો પરિહાર કરે છે. અને સમ્યક્ચારિત્ર વડે પાપોના દ્વાર બંધ કરે છે.

આ પ્રમાણે મોહનો ઉપશમ કરેલો ભાગ્યશાળી પોતાના વેદકર્મને યથાશક્ય પોતાને આધીન કરે છે, અને જેટલા અંશોમાં, જેટલા સમય માટે પણ તે જીવ વેદરહિત બને છે, તે સમયે રૂપરૂપના અંબાર જેવી સ્ત્રી, અને કામના અવતાર સમો યુવા પુરૂષ અનુકુળ થયે છતે પણ પોતાના મનને જરા પણ ચંચળ કે વિચલિત કરી શકતાં નથી. જ્યારે વેદકર્મનો સર્વથા ક્ષય થઈ જાય છે, અથવા કરી દે છે ત્યારે પુરૂષનું પુરૂષ શરીર, તથા સ્ત્રીનું સ્ત્રી શરીર અકિંચિત્કર બનવા પામે છે. તે સમયે તે નોપુરૂષ, નોસ્ત્રી કે નોનપુંસક કહેવાય છે. અને તેઓ જ્ઞાનાવરણીયાદિ કર્મોને નથી બાંધતાં.

નવમા અને દશમા ગુણઠાણે જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે, કેમકે આ સ્થાનકે જીવ છ કે સાત કર્મોનો બંધક છે.

ત્યારે ૧૧-૧૨-૧૩-૧૪ ગુણઠાણે કોઇપણ જીવ જ્ઞાનાવરણીય કર્મ બાંધતો નથી કેમકે તેઓ એક જ સાતાવેદનીય કર્મના બંધક હોય છે.

પૂર્વભવથી નપુંસક શરીરની ઉપાર્જના કરીને નપુંસક તરીકે જન્મેલા પુરૂષાર્થી જીવો પણ પોતાના કર્મોનો સર્વથા ક્ષય કરવા માટે જ્યારે ભાગ્યશાળી બને છે. ત્યારે નપુંસકવેદ વિનાના નપુંસકો પણ કર્મો બાંધતા નથી.

આયુષ્યકર્મને પણ બાંધતાં નથી. જ્યારે બીજાઓ બાંધવાના કાળ દરમ્યાન બાંધે છે. કેમકે આ કર્મ જીંદગીમાં એક જ વાર બંધાય છે. નોસંયત, નોઅસંયત અને સંયતાસંયત એટલે કેવળજ્ઞાનીને જ્ઞાનાવરણીયાદિ કર્મબંધનનું એકે પણ કારણ નથી.

જ્યારે સામાયિક છેદોપસ્થાપનીય. પરિહાર વિશુદ્ધિ અને સૂક્ષ્મ સંપરાયના સંયતો જ્ઞાનાવરણીયને કદાચ બાંધે છે અને યથાખ્યાત સંયત ઉપશાંત અને ક્ષીણ મોહવાળો હોવાથી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાચાર સંચય

## વરલ નિવાસી શ્રી નાનચંદ મુળચંદ દોશીનો મણિમહોત્સવ સમારંભ

આ સભાના પેટ્રન શ્રી નાનચંદ મુળચંદ દોશીના મણિમહોત્સવનો એક ભવ્ય સમારંભ તા. ૩૦-૫-૧૯૭૬ના દિવસે દર્હીસર (મુંબઇ) શ્રી શાંતિનાથ જૈન દહેરાસર વાડીમાં ઉજવાયો હતો. આ શુભ પ્રસંગે શ્રી વરલ જૈન મિત્ર મંડળની સ્થાપના કરવામાં આવી તેમજ 'શ્રી નાનચંદ મુળચંદ તથા શ્રી અમીચંદ દામજી પ્રેરિત શ્રી કરશન જીવન સહાયક ફંડની પણ શરૂઆત કરવામાં આવી. આ પ્રસંગે શ્રી નાનચંદ મુળચંદે રૂા. ૩૧૦૦૦ તેમજ શ્રી અમીચંદ દામજીના સુપુત્રોએ રૂા. ૨૫૦૦૦નો ફાળો નોંધાવ્યો હતો. સ્વ. કરશનદાદાના પરિવારમાં આજે નાના મોટા થઈ આશરે બસો ભાઈ બહેનોનો વિશાળ પરિવાર છે. આ કુટુંબનો સંપ તેમજ વરલ નિવાસીઓનો સહકાર અને ઉત્સાહ અત્યંત પ્રશંશનીય હતો.

સમારંભના અતિથિ વિશેષ શ્રી ફુલચંદ હરિચંદ મહુવાકરે આ પ્રસંગે જૈન સમાજને દર્દભરી અપીલ કરતાં કહ્યું કે આપણા સુખી ભાઇઓ આપણા સાધર્મિક ભાઈ બહેનો જેમાં કેટલાકોને રહેવા જગ્યા નથી તેમજ બે વખત ખાવાના પણ સાંસા છે, તેના કલ્યાણ અર્થે ધન ખર્ચવાની જરૂર છે. આપણે ત્યાં લાખો રૂપિયા ખર્ચતાં છતાં કોઈ અર્થ સરતો નથી અને સમાજમાં ગરીબાઈ વધતી જાય છે.

સમારંભના પ્રમુખે વરલવાસી ભાઇઓનો સંપ અને સહકારની ભાવના માટે મુક્ત કંઠે પ્રશંસા કરતાં કહ્યું હતું કે જ્યાં સંપ ત્યાં જ શાંતિ છે. કૌરવ-પાંડવો એક જ કુટુંબના હતાં, પણ કલેશ-કંકાસના કારણે મહાભારતના યુદ્ધમાં સૌનો નાશ થઈ ગયો. અને જેઓ જીત્યા તે પણ હાર્યા જેવા જ પુરવાર થયાં. એથી ઉલટું રાજ્યનો તેમજ રાજગાદીનો હક્ક છોડી રામ વનવાસ તરફ ચાલી નીકળ્યાં અને કુટુંબ વચ્ચે ઐકયતા જાળવી. શ્રાવકના એકવીસ ગુણો પૈકી વૃદ્ધાનુગામી એ પણ એક ગુણ છે. વૃદ્ધોનું સન્માન કરવું, તેમની જરૂરિયાતો પૂરી પાડવી અને તેઓ સુખપૂર્વક જીવન જીવી શકે એવી વ્યવસ્થા કરવી તે સૌની ફરજ

---

કર્મને બાંધતો નથી, આ અપેક્ષાએ પહેલાના ચાર સંયતો કદાચ કર્મને બાંધે છે અને પાંચમા ચારિત્રને લઇ કર્મ નથી બાંધતા.

અસંયમી અને દેશવિરત સંયમી કર્મોને બાંધે છે.

મનઃ પર્યાપ્તિનો સ્વામી વીતરાગ હોય તો કર્મ બાંધતો નથી.

મનઃ પર્યાપ્તિ વિનાના અસંજ્ઞી જીવો નિયમા કર્મ બાંધે છે.

અયોગી અને સિદ્ધ જીવોને છોડી બાકી બધાયે વેદનીય કર્મના બંધક છે.

ભવસિદ્ધિક છદ્મસ્થ હશે તો કર્મબંધક છે.

ભાષા લબ્ધિના માલિકો ભાષક વીતરાગ હોય તો કર્મો બાંધતા નથી.

નહીં બોલવાવાળા અભાષક સિદ્ધો કર્મ બાંધતા નથી.

પણ પૃથ્વીકાયિકો અભાષક હોવા છતાં પણ કર્મો નિયમા બાંધે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે. તીર્થંકર ભગવંતો આપણી સમક્ષ આજે નથી, પથ સંતાનના માતા પિતા એ જીવંત તીર્થંકર સમાન જ છે. વૃદ્ધાવસ્થામાં દેહપર કરચલી પડે એ સ્વાભાવિક છે, પણ વડીલોના આત્મા પર તો કરચલી ન પડવા દેવી જોઇએ. જગત અને સંસારનું સાચું સ્વરૂપ સમજનારને જીવન વિષે કશી ફરિયાદ નથી હોતી, જેઓને આ સમજણ નથી હોતી તેઓ જ જીવન વિશે વધુમાં વધુ ફરિયાદો કરતાં હોય છે. સભા સંચાલનનું કાર્ય શ્રી દલીચંદ અમીચંદ દોશીએ કર્યું હતું અને આ પ્રસંગની ખુશાલીમાં જૈન ધાર્મિક શિક્ષણ સઘને રૂા. ૨૫૦)ની ભેટ આપી હતી. રસ-પુરીના ભોજન પછી સૌ છુટા પડયાં.

## દીક્ષાર્થીઓનો સન્માન સમારંભ

ધર્માનુરાગી ભાવનગર નિવાસી શ્રી નેમચંદ નાનચંદ શાહના યુવાન પુત્રો શ્રી હસમુખરાય તથા શ્રી મહેન્દ્રકુમાર જેઓએ સંવત ૨૦૩૨ના વૈશાખ વદ ૬ના રોજ મુલુન્ડ (મુંબઈ) પૂજ્યપાદ આચાર્ય વિજય શ્રી મેરૂપ્રભસૂરીશ્વરજી પાસે ભાગવતી દીક્ષા અંગીકાર કરી, તેમના સન્માનનો સંમારંભ તા. ૧૯-૫-૭૬ રાત્રીના ૮ા વાગે મુલુન્ડના ઉપાશ્રય ચોકમાં યોજવામાં આવ્યો હતો.

આ સન્માન સમારંભની વિશિષ્ટતા એ હતી કે મુલુન્ડના જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ તેમજ સ્થાનકવાસી સંઘ તરફથી સંયુક્ત રીતે ગોઠવામાં આવ્યો હતો. અનેક ભાઈઓએ દિક્ષાર્થીઓને ધન્યવાદ આપ્યા હતા અને દીક્ષાર્થી ભાઈ હસમુખરાયે તેનો યોગ્ય પ્રત્યુત્તર આપ્યો હતો.

સમારંભના પ્રમુખે દિક્ષાર્થીઓને વિનય, સહનશીલતા, નિર્મમતા, નિરહંકારિતા, નિર્ભયતા, અસંગ, આહાર શુદ્ધિ અને સ્ત્રી પ્રસંગ ત્યાગ વિષે યોગ્ય દૃષ્ટાંતો સાથે વિસ્તૃત રીતે સમજાવ્યું હતુ. રાત્રે અગીયાર વાગે સમારંભ પૂરો થયો હતો.

## ઉદયપુર (રાજસ્થાન)માં કન્યા શિબિર

પૂજ્ય વિદુષી રત્ન સાધ્વી શ્રી નિર્મલાશ્રીજી છેલ્લા કેટલાક વરસોથી શ્રી સંસ્કાર અધ્યયન સત્ર (કન્યા શિબિર)ની વ્યવસ્થા જુદે જુદે ઠેકાણે કરતા આવ્યા છે અને આ ગ્રીષ્મ વર્ગનો લાભ આપણી અનેક બહેનો ઉલ્લાસ પૂર્વક લે છે. આ વખતે શિબિરની યોજના ઉદયપુરમાં તા. ૨૩-૫-૭૬થી તા. ૧૩-૬-૭૬ સુધી કરવામાં આવેલી હતી.

કન્યાની કેળવણી અર્થે આપણો સમાજ બહુ ઓછું ધ્યાન આપતો હોય છે કારણ કે પુત્રીઓ પારકા ઘરનું ધન કહેવાય છે. આમ માનવામાં આપણા લોકોની સંકુચિત અને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વાર્થી દૃષ્ટિના દર્શન થાય છે. જો કે ભારત સ્વતંત્ર થયા પછી આ બાબતમાં ઘણો સુધારો થવા લાગ્યો છે પૂ. રમણ મહર્ષિએ એક સ્થળે નારી અંગે સાચું જ કહ્યું છે કે, "પતિ માટે ચારિત્ર, સંતાન માટે મમતા, સમાજ માટે શીલ, વિશ્વ માટે દયા અને જીવ માત્ર માટે કરુણા સંચિત કરનારી મહાપ્રકૃતિનું નામ જ નારી છે." સ્વામી દયાનંદ સરસ્વતીએ કહ્યું છે કે, "ભારતનો ધર્મ ભારતના પુત્રોથી નહીં પણ પુત્રીઓની કૃપાથી સ્થિર છે. જો ભારતની નારીએ પોતાનો ધર્મ છોડી દીધો હોત તો અત્યાર સુધીમાં ભારત ક્યારનું નાશ પામ્યું હોત."

થોડા સમય પહેલાં આ સંસ્કાર અધ્યયન સત્રના સંચાલિકા અધ્યાત્મ પ્રેમી કુ. પન્ના બહેનને મળવાનું પ્રાપ્ત થયું હતું ત્યારે એ બહેન કહેતા હતાં કે આવી શિબિરો પાછળનો મુખ્ય મુંઝવતો પ્રશ્ન અર્થનો છે. આપણા ભાઇઓ જેઓ લાખો રૂપિયાનો ક્રિયાકાંડ પાછળ ખર્ચ કરે છે, તેઓ કન્યાઓને આવી ઉચ્ચ કેળવણી આપવાની બાબતમાં ઉદાર બનવાને બદલે કૃપણુતા દાખવે છે. આ હકીકત જૈન સમાજ માટે શરમરૂપ ગણાય. વાસ્તવિક રીતે તો આ કાર્ય તેમજ અર્થનો પ્રશ્ન આપણી બહેનોએ જ સંભાળી લેવો જોઇએ. ગૃહસ્થાશ્રમમાં ધનની કમાણી ભલે પુરૂષ કરતો હોય પણ તેની વ્યવસ્થાતો સ્ત્રીઓના જ હાથમાં હોય છે.

આ શિબિર વ્યવસ્થાને અમે દરેક રીતે સફળતા ઈચ્છીએ છીએ અને આ યોજના અર્થે અર્થની મૂંઝવણુ ન રહે એવી આશા સેવીએ છીએ.

## સ્વર્ગવાસ નોંધ

પરમપૂજ્ય શાન્તમૂર્તિ પ્રાકૃત વિશારદ આચાર્યશ્રી કસ્તૂરસૂરીશ્વરજી મહારાજ સંવત ૨૦૩૨ના વૈશાખ વદી ૧૪ને શુક્રવાર તા. ૨૮-૫-૭૬ના પરોઢીયે ૪ કલાકને ૨ મીનીટે પેટલાદ પાસે સોજીત્રા મુકામે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યાના સમાચારથી સમસ્ત જૈન સમાજે ઊંડા આઘાત અને આંચકો અનુભવ્યા છે.

સ્વર્ગસ્થશ્રી સરળસ્વભાવી તેમજ સમાજને પ્રેરણા અને દોરવણી આપનાર હતા. પ્રાકૃત ભાષા અને વ્યાકરણનું તેમનું જ્ઞાન ઊંડું હતું અને પ્રાકૃતભાષાના સરળ અભ્યાસ માટે તેમણે અનેક પુસ્તકો લખીને પ્રકાશિત કર્યા હતા. સમાજ ઉદ્ધારની તેમની લાગણી પણ પ્રેરણા આપે તેવી હતી. મધ્યમવર્ગના ઉદ્ધાર માટે તેમની ધગશ પણ પ્રેરક હતી. તેમણે કરેલા શાસનોન્નતિના કાર્ય અને સરળ સ્વભાવ સદાયે યાદ રહેશે.

અમો તેમના આત્માને ચિરસ્થાયી શાન્તિ માટે પ્રાર્થના કરીએ છીએ અને સમાજને તેમના અધૂરા કાર્યો ચાલુ રાખવા વિનંતી કરીએ છીએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આપની થાપણ વધતી જ રહે છે
# અમારી પુનઃ રોકાણ યોજનામાં

સ્ટેટ બેન્ક ઓફ સૌરાષ્ટ્રની પુનઃ રોકાણ યોજનામાં
થાપણ પર ૧૭%થી પણ વધારે વળતર શકય છે.
તેથી આજે રૂા. ૫૦૦૦/ની થાપણ ૧૨૦ માસ માટે
મુકવામાં આવે તો રૂા. ૧૩,૫૩૫,૨૦ પાછા મળે.

પુનઃ રોકાણ યોજનામાં રૂા. ૧૦૦૦/ની થાપણ પણ
૨૫ માસથી ૧૨૦ માસ સુધીની મુદત માટે
સ્વીકારવામાં આવે છે.

બચતોને અમારી પુનઃ રોકાણ યોજના નીચે રોકવામાં આવે તો
સંતાનોના શિક્ષણ, લગ્ન જેવી કૌટુંબિક જવાબદારીઓ અંગે
ચિંતા કરવાની જરુર રહેતી નથી. વાસ્તવમાં અમારી
પુનઃ રોકાણ યોજના આપ તથા આપના કુટુંબ માટે
સુર્વણમય ભવિષ્યની ખાત્રી સમાન છે.

**વધુ વિગત માટે ખાતું ખોલાવવા માટે
નજીકની શાખાના મેનેજરની મુલાકાત લ્યો.**

## સ્ટેટ બેન્ક ઓફ સૌરાષ્ટ્ર

હેડઓફીસ : ભાવનગર ૩૬૪૦૦૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




# ખાસ વસાવવા જેવા કેટલાક અલભ્ય ગ્રન્થો

## संस्कृत ग्रंथो

| | रु. पै. |
|---|---|
| १ वसुदेव हिण्डी द्वितीय अंश | १०-०० |
| २ बृहत्कल्पसूत्र भा. ६ष्ठः | २०-०० |
| ३ त्रिषष्टिशलाकापुरुषचरित-महाकाव्यम् भा. २, पर्व २, ३, ४ (मूळ संस्कृत) पुस्तकाकारे | १५-०० |
| ४ " " प्रताकारे | १५-०० |
| ५ द्वादशार नयचक्रम् | ४०-०० |
| ६ सम्मतितर्कमहार्णवावतारिका | १५-०० |
| ७ तत्त्वार्थाधिगमसूत्रम् | १५-०० |
| ८ प्रबंधपंचशती | १५-०० |
| ९ स्त्रीनिर्वाणकेवलिभुक्तिप्रकरणे | ६-०० |
| १० श्री शान्तिनाथ महाकाव्यम् आ. श्री भद्रसूरीविरचितम् | १०-०० |

*

## અંગ્રેજી ગ્રંથો

| | Rs. Ps. |
|---|---|
| 1 Anekantvad by H. Bhattacharya | 3-00 |
| 2 Shree Mahavir Jain Vidyalaya Suvarna Mahotsava Granth | 35-00 |

*

## ગુજરાતી ગ્રંથો

| | રૂ. પૈ. |
|---|---|
| ૧ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર | ૨૨-૦૦ |
| ૨ શ્રી તીર્થંકર ચરિત્ર | ૧૨-૦૦ |
| ૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૨ | ૫-૦૦ |
| ૪ કાવ્ય સુધાકર | ૨-૫૦ |
| ૫ આદર્શ જૈન સ્ત્રીરત્નો ભા. ૨ | ૩-૦૦ |
| ૬ કથા રત્ન કોષ ભા ૧ | ૧૪-૦૦ |
| ૭ કથા રત્ન કોષ ભા. ૨ | ૧૨-૦૦ |
| ૮ આત્મ કાન્તિ પ્રકાશ | ૧-૫૦ |
| ૯ જ્ઞાન પ્રદીપ (ભા. ૧ થી ૩ સાથે) સ્વ. આ. વિજયકસ્તૂરસૂરિજી રચિત | ૧૨-૦૦ |
| ૧૦ ધર્મ કૌશલ્ય | ૩-૦૦ |
| ૧૧ અનેકાન્તવાદ | ૩-૦૦ |
| ૧૨ નમસ્કાર મહામંત્ર | ૩-૦૦ |
| ૧૩ ચાર સાધન | ૩-૦૦ |
| ૧૪ ભગવાન મહાવીર યુગના ઉપાસકો | ૩-૦૦ |
| ૧૫ જાણ્યું અને જોયું | ૩-૦૦ |
| ૧૬ સ્યાદ્વાદમંજરી | ૧૭-૦૦ |
| ૧૭ ભ. મહાવીર યુગનાં ઉપાસિકાઓ | ૩-૦૦ |
| ૧૮ પૂજ્ય આગમપ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલિ વિશેષાંક પાકું બાઈન્ડીંગ | ૬-૨૫ |
| કાચું બાઈન્ડીંગ | ૫-૨૫ |

**નોંધ :** સંસ્કૃતમાં ૧૦ ટકા અને ગુજરાતીમાં તથા અંગ્રેજીમાં ૧૫ ટકા કમિશન કાપી આપવામાં આવશે. પોસ્ટ ખર્ચ અલગ. આ અમૂલ્ય ગ્રંથો વસાવવા ખાસ ભલામણ છે.

: લખો :

**શ્રી જૈન આત્માનંદ સભા : ભાવનગર**


તંત્રી : શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા, શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : શ્રી ગિરધરલાલ ફૂલચંદ શાહ. સાધના મુદ્રણાલય : દાણાપીઠ-ભાવનગર

For Private And Personal Use Only